**આજનો સુવિચાર**

તમારો પ્રયાસ તમને સફળ બનાવે છે, તેથી ક્યારેય પ્રયાસ કરવાનું બંધ કરો નહી


સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67



Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com



# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૮ જૂનાગઢ તા.૦૫-૧૨-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 298, Junagadh : Date : 05 December, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# મિચોંગ વાવાઝોડું બપોરે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટકશે : હાઈએલર્ટ

## ૧૧૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાશે : તામિલનાડુમાં ભારે વરસાદથી ૮નાં મોત



ચેન્નાઈ તા.૫

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત મિચોંગ આજે બપોરે ૧ વાગે આંધ્ર પ્રદેશના બાપટલા, નેલ્લોર-મછલીપટ્ટનમ વચ્ચે ટકરાશે. હવામાન વિભાગ અનુસાર, ૯૦ થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ચક્રવાતને લઈને આંધ્રપ્રદેશમાં હાઈ એલર્ટ છે. રાજય સરકારે તિરુપતિ, નેલ્લોર, પ્રકાશમ, બાપટલા, કૃષ્ણા, પશ્ચિમ ગોદાવરી, કોનાસીમા અને કાકીનાડા જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ૮ જિલ્લામાં NDRF અને SDRFની ૫-૫ ટીમો તૈનાત છે.

બીજી તરફ તમિલનાડુમાં મંગળવારે વરસાદમાં ઘટાડો નોંધાયો હતો. સોમવારના વાવાઝોડાને કારણે ચેન્નાઈના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રસ્તાઓ પર કારો તણાઈ હતી. વિમાન એરપોર્ટ પર ભરાયેલા પાણીમાં ઊભું રહ્યું. ૧૬ કલાક બાદ ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફ્લાઈટની ઉડાન શરૂ થઈ છે. ૪ નવેમ્બરે રનવે પર પાણી ભરાઈ જવાને કારણે લગભગ ૭૦ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

ચેન્નાઈમાં લગભગ ૪૦૦-૫૦૦ મીમી વરસાદ નોંધાયો છે. તમિલનાડુના પાણી પુરવઠા મંત્રીના જણાવ્યા અનુસાર, ચેન્નાઈમાં ૭૦-૮૦ વર્ષમાં પ્રથમ વખત આવો વરસાદ થયો છે. અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયા છે.

ચક્રવાત મિચોંગ જેમ જેમ તમિલનાડુ અને આંધ્રપ્રદેશ તરફ આગળ વધી રહ્યું છે તેમ તેમ તેની અસર વધી રહી છે ગઈકાલે ચેન્નાઈમાં ભારે વરસાદ પડતા સમગ્ર શહેર પાણીમાં ગરકાવ થયુ છે અને રસ્તા પરના વાહનો તરતા જોવા મળ્યો હતા. આજે વાવાઝોડું ગંભીર ચક્રવાતમાં પરિવર્તિત થઈને બપોર સુધીમાં આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટકવાની સંભાવના છે ત્યારે દરિયાકાંઠાના પાંચ રાજ્યોમાં એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત અનેક જિલ્લાઓમાં શાળાઓમાં પણ રજા જાહેર કરવામાં આવી છે. સુત્રોમાંથી મળતા અહેવાલ મુજબ ચેન્નઈમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધીમાં આઠ લોકોના મોત થયા છે.

# શેરબજારે ઈતિહાસ રચ્યો : સેન્સેક્સ ૬૯૦૦૦




મુંબઈ તા. ૫ :

દેશનું અર્થતંત્ર ફુલગુલાબી રહેશે તેવી વિવિધ રેટીંગ એજન્સીઓની ભવિષ્યવાણી, અમેરિકી વ્યાજદર અંગે સાનુકૂળ અહેવાલો અને દેશના પાંચ પૈકી ૩ રાજ્યોમાં ભાજપે સરકાર રચવા જેવડી બહુમતી મેળવી લેતા ગઈકાલે મહાકુદકો લગાવ્યા બાદ આજે પણ શેરબજાર ઉંચકાયું છે અને શેરબજારે નવો ઈતીહાસ રચ્યો છે. સેન્સેક્સ પહેલીવાર ૬૯૦૦૦ની ઉપર પહોંચી ગયો છે. શેરબજારમાં તેજીનું વાવાઝોડુ ફુંકાતા રોકાણકારોના ચહેરા મલ્કી ઉઠયા છે. આજે પણ તમામ સેકટર ગ્રીન ઝોનમાં છે તથા અદાણી ગ્રુપના શેર્સને આજે પણ પાંખો આવી છે.










# જૂનાગઢના સાધુ સંતો અને ગિરનારી ગ્રુપ દ્વારા ભવનાથ સ્થિત બોરદેવી મંદિર વિસ્તારમાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન





## પ્રકૃતિનું જતન કરવું એ આપણી સૌની ફરજ છે : લઘુમહંત શ્રી મહાદેવ ભારતીબાપુ (ભારતી આશ્રમ)

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દતાણી તથા સંજય બુહેચાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તાજેતરમાં નવ નાથ, ચોસઠ જોગણીનાં ગીરીવર ગિરનારમાં બેસણા છે. એવા ગિરનારની તાજેતરમાં લીલી પરિક્રમા પરિપૂર્ણ કરીને લાખો લોકોએ ભજન, ભોજન અને ભક્તિ કરીને પુણ્યનું ભાથુ બાંધી પ્રકૃતિનો આનંદ માણેલો હતો. આ લીલી પરિક્રમા દરમિયાન જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક સહિત અનેક વસ્તુઓનો દુરઉપયોગ કરીને પ્રકૃતિ અને પર્યાવરણને નુકસાન પહોંચાડવામા આવેલ હતું. આ પ્રકૃતિ અને પર્યાવરણને સ્વચ્છ કરવા માટે સરકારી તંત્ર દ્વારા ખૂબ જ સરસ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં બે દિવસથી વિવિધ સંસ્થાઓના સહયોગથી આ સ્વચ્છતા અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે. જેમાં ગિરનારી ગ્રુપના સભ્યો, ભવનાથ ભારતી આશ્રમના વિદ્યાર્થીઓ, સહિત અનેક લોકોએ સવારના ૦૮ થી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ગિરનારના પગથિયાં ફોરેસ્ટ ગેટથી બોરદેવી મંદિર સુધીના માર્ગ રસ્તા ઉપર સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને "સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત"માં સહયોગ આપી પ્રેરણા સ્રોત બનવાનો એક નાનકડો પ્રયાસ કરેલ હતો. આ સ્વચ્છતા અભિયાનમાં ભારતી આશ્રમના લઘુમહંત શ્રી મહાદેવ ભારતીબાપુ, મહાદેવ ગીરીબાપુ અવધૂત આશ્રમ, અમૃતગીરી બાપુ ચકાચક બાપુ, જગજીવનદાસ બાપુ મહામંડલેશ્વર સૂર્યમંદિર, કિશનદાસ બાપુ રામ ટેકરી, લાલુગીરી બાપુ માખીયાળા, દલપત સ્વામી શિવ નિકેતન આશ્રમ, ડો. રાજેશ્વરી માતાજી સોમનાથ મહાદેવ જુનાગઢ, મહેશ્વરી માતાજી ઋષિરાજ આશ્રમ, પ્રો. ભાવનાબેન પારેખ યુ. એસ., અલ્પેશભાઈ મહેતા, ગોવિંદભાઈ વેગડ, લાલજીભાઈ અમરેલીયા ઉતારા મંડળ, ભીમશીભાઈ ચંદ્રવાડીયા, ભારતી આશ્રમ ખાતે ચાલતી સ્કૂલના ૯૦ વિદ્યાર્થીઓ, ઈનચાર્જ એ.સી.એફ. ભાલીયા, ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ, ભવનાથ વેપારી એસોસિયના જયભાઈ આહીર, ધરણાંતભાઈ (દાઢી), વિપુલભાઈ કટારા સહિત ગિરનારી ગ્રુપના સભ્યો નરેન્દ્રસિંહ ચુડાસમા, કિર્તીભાઈ પોપટ, દેવાંગભાઈ પંડ્યા, સમીરભાઈ દવે, સંજયભાઈ મહેતા, ભાર્ગવભાઈ દેવમુરારી, ભાર્ગવભાઈ દવે, દિનેશભાઈ રામાણી, તન્નાભાઈ, only Indian સહિતના લોકોએ ભગીરથ કાર્યમાં મહત્વનો ભાગ ભજવેલ એવા તમામ કાર્યકરોનો ગિરનારી ગ્રુપે આભાર વ્યક્ત કરેલ હતો તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# સુત્રાપાડા પંથકમાં ચોરીયાઉ ડીઝલ સસ્તા ભાવે વેંચાણનો પર્દાફાશ કર્યો



## ત્રણ શખ્સોને ૧૨૦૦ લીટર ચોરીયાઉ ડીઝલના જથ્થા સાથે ઝડપી લઈ આગળની તપાસ હાથ ધરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૫

ગીર સોમનાથના સુત્રાપાડા પંથકમાં ચોરીયાઉ ડીઝલનું ગેરકાયદેસર વેંચાણ થતુ હોવાની માહિતીના આધારે સુત્રાપાડા પોલીસે અમરાપુર ફાટક પાસેથી ચોરી કરી અત્રે લાવેલ ૧૨૦૦ લીટર ડીઝલના જથ્થા સાથે રાજુલાના બે અને ઉનાના એક શખ્સોને ત્રણ ટ્રકો મળી કુલ રૂ.૬૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આગળ તપાસ હાથ ધરી છે. ચોરીયાઉ ડીઝલ પીપાવાવની ઓઈલ કંપનીમાં ચાલતા ટેક્રોમાંથી ચોરી કરાતું હોવાનું પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવતા પોલીસે આગળ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ સુત્રાપાડા પંથકમાં ચોરીયાઉ ડીઝલ સસ્તા ભાવે વેચાતું હોવાની માહિતી સુત્રાપાડા પોલીસના સંજય પરમાર, મનોજ બાંભણીયા, નિલેશ મોરીબે બાતમી મળી હતી. જેના આધારે પીઆઈ આર.એલ.પ્રજાપતિ, પીએસઆઈ એન.એ.વાઘેલાએ સ્ટાફને સાથે રાખી વેરાવળ - કોડીનાર હાઈવે ઉપર અમરાપુર ફાટક પાસે દરોડો પાડયો હતો. ત્યાં સ્થળ ઉપરથી ચોરીયાઉ ૧૨૦૦ લીટર ડીઝલનો જથ્થો તથા ત્રણ ટ્રકો સાથે (૧) રાહુલ રાજદે ડેર ઉ.વ.૨૬, (૨) પ્રદિપ રામદે ડેર ઉ.વ.૨૫ બંન્ને રહે.રાજુલા, (૩) મેહુલ બોધાભાઈ ચૌહાણ ઉ.વ.૨૩ રહે.ઉના વાળા હાજર મળી આવતા ત્રણેયની સામે સીઆરપીસી કલમ ૧૦૨, ૪૧(૧) D મુજબ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી અટક કરી હતી.

આ અંગે પીએસઆઈ એન.એ.વાઘેલાએ જણાવેલ કે, મળી આવેલ ડીઝલનો જથ્થો પીપાવાવ પંથકમાં આવેલ ઓઈલ કંપનીમાં ટ્રાન્સપોર્ટમાં ચાલતા ટેક્રોમાંથી ચોરી કરી તેનું સસ્તા ભાવે વેંચાણ થતુ. જેઓ પાસેથી પકડાયેલા શખ્સો ડીઝલ લઈ આવી અહીં પોતાના ટ્રકો ઉપરાંત અન્ય ટ્રકોને વેંચતા હોવાનું પૂછપરછમાં સામે આવ્યુ છે. જેના આધારે પીપાવાવ પંથકમાં કેટલા શખ્સો કઈ રીતે ચોરી કરતા તે જાણવા આગળ તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતે કરાશે i-Hub કોમ્પ્લેક્ષનું ઉદઘાટન

અમદાવાદ તા.૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' પ્રોગ્રામને વેગ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે વધુ એક સીમાચિહ્ન સર કર્યું છે.

મુખ્યમંત્રીના હસ્તે આવતીકાલે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ના અમલીકરણના ભાગરૂપે અમદાવાદ ખાતે ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ (i-Hub)નું ઉદઘાટન કરવામાં આવશે.

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ રાજ્યમાં સ્ટાર્ટઅપની શરૂઆત કરી હતી. જેની સફળતાના પરિણામે ભારત સરકારે જાન્યુઆરી ૨૦૧૬માં "સ્ટાર્ટઅપ ઈન્ડિયા"ની શરૂઆત બાદ પ્રથમ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન (SIH) વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન વિદ્યાર્થીઓને આપણા રોજિંદા જીવનમાં આવતી કેટલીક અઘરી સમસ્યાઓના ઉકેલ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવા માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થઈ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્યમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહન અને સમર્થન પુરું પાડવાના ઉદ્દેશ્યથી શિક્ષણ વિભાગ દ્વારા સરકારની સંપુર્ણ માલિકીની સ્ટાર્ટઅપ ડેડીકેટેડ સરકારી કંપની "ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ" (i-Hub) નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન તરીકે સ્થાપના કરવામાં આવી છે.

રાજયના યુવાનોના ઈનોવેટીવ અને ઈન્ટેલેકચ્યુઅલ આઈડિયા સ્ટાર્ટઅપમાં પરિણમે તે માટે આ વૈશ્વિક કક્ષાની સવલતો ધરાવતું અત્યાધુનિક i-Hub ભવનનું નિર્માણ નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતના કેમ્પસમાં કરવામાં આવ્યું છે.

આ i-Hubના લોકાર્પણ પ્રસંગે ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. આ કોમ્પ્લેક્ષ અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૧.૫૦ લાખ ચોરસમીટર વિસ્તારમાં ઊભું કરવામાં આવ્યું છે. આ નવું બિલ્ડીંગ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત પાંચ માળનું વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે અને એકસાથે ૫૦૦ જેટલા સ્ટાર્ટઅપને ઈક્યુબેટ કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

i-Hub દ્વારા સ્ટાર્ટઅપને શરૂઆતના તબક્કામાં ગો-ટુ-માર્કેટ સ્ટેજ પર મદદ રૂપ થઈ 'આઈડિયાથી એન્ટરપ્રાઈઝ' સુધીની તેમની સફરમાં ઈનોવેટર્સને પ્રોત્સાહન અને માર્ગદર્શન અપાશે. રાજયમાં સ્ટાર્ટઅપ કલ્ચરને વેગ આપવા તમામ સ્ટાર્ટઅપને ઈક્યુબેટ કરવા માટે જરૂરી સ્કીલ/નોલેજ/ટૂલ્સની સાથે કાનૂની, નાણાંકીય, તકનીકી, ઈન્ટલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટ્સ સહિતના મુદ્દે પદ્ધતિસરના માર્ગદર્શન-મદદ પૂરી પાડવાનું કાર્ય iHub મારફતે કરવામાં આવશે. ઈક્યુબેશન, એક્સિલરેશન્સ અને ઈન્વેસ્ટમેન્ટ માટે એન્ડ-ટુ-એન્ડ લિક્રેજ કરી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવામાં આવશે.

# અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન દ્વારા દ્વારકામાં ૨૩, ૨૪ ડિસેમ્બરે ૩૭ હજાર આહીરાણીઓનો મહારાસ યોજાશે





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના પુત્રવધુ અને બાણાસુરના પુત્રી ઉષા રાસ રમ્યા હતા. તેની સ્મૃતિરૂપે આગામી દિવસોમાં અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન દ્વારકા ખાતે મહારાસનું ભવ્ય આયોજન કરાયું છે.

દ્વારકા ખાતેના કૃષ્ણલીલાના નોંધપાત્ર પ્રસંગો પૈકીના એક એવા બાણાસુરની પુત્રી અને શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુધ્ધજીના પત્ની ઉષાએ તેમના લગ્ન બાદ દ્વારકા ખાતે જે ગરબો રચ્યો હતો, તેની સ્મૃતિ રૂપે શ્રીકૃષ્ણના યાદવ કુળના ૩૭ હજાર આહીરાણીઓ દ્વારા તા. ૨૩ તથા ૨૪ મી ડિસેમ્બરના રોજ ગરબો રચીને રાસ સ્વરૂપે ભગવાન દ્વારકાધીશના ચરણમાં અર્પણ કરાશે. અખિલ ભારતીય યાદવ સમાજ આયોજિત અને આહીરાણી મહિલા મંડળના ઉપક્રમે દ્વારકાના એસીસી સીમેન્ટ કંપનીના વિશાળ પટાંગણમાં નંદધામ પરિસર ખાતે થનાર મહારાસ (ગરબા)માં જોડાવવા માટે વિશ્વભરમાંથી અને ખાસ કરીને સૌરાષ્ટ્રભરના ૩૭ હજાર આહીરાણીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ મહારાસ (ગરબા)ના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ અંગે વ્યવસ્થાપકોના જણાવ્યા અનુસાર આ ઐતિહાસિક આયોજનમાં આશરે દોઢ લાખ જેટલા આહિર (યાદવ) સમાજના લોકો સમગ્ર વિશ્વભરમાંથી જોડાશે. જેઓ માટે રહેવા, ભોજન તેમજ પાર્કિંગ સહિતની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. આ મેગા ઈવેન્ટમાં જોડાનાર ૩૭ હજાર જેટલા આહીરાણીઓને અખીલ ભારતીય યાદવ સમાજ દ્વારા સ્મૃતિરૂપે ગીતાજીનું પુસ્તક ભેટ અપાશે. શ્રીકૃષ્ણના સાનિધ્યમાં શ્રીકૃષ્ણ સંગ રાસ રમવાની આહીરાણીઓની આંતરભાવના સાથે આ રાસને મહારાસ નામ અપાયું છે. અત્રે એ નોંધનીય છે કે કચ્છના વ્રજવાસી ગામમાં ઢોલીના તાલ પર રાસ રમતા શહીદી વહોરી શ્રીકૃષ્ણને પામી જનારનો ઈતિહાસ ઉજાગર કરવા અને યદુવંશના ઈતિહાસની યાદ તાજી કરવા તેમજ આવનારી પેઢીમાં યાદવોનો ઈતિહાસ તાજો કરવાની નેમ સાથે સનાતન ધર્મના સંસ્કારોને એક તાંતણે બાંધીને નવપેઢીને લોહીમાં અમે આહીરો તેવો સંદેશ સમગ્ર વિશ્વના આહિરોને આપવાનો ઉદ્દેશ હોવાનું આહિર આગેવાનોએ જણાવ્યું છે. આ મહારાણી રાસોત્સવની તૈયારીના ભાગરૂપે પ્રથમ કંકોત્રી ભગવાન દ્વારકાધીશના જગત મંદિરમાં જઈ, આહીર સમાજના આગેવાનોએ ભગવાન દ્વારકાધીશના ચરણોમાં રાખીને ભગવાન દ્વારકાધીશને આમંત્રિત કર્યા હતા. આ રાસોત્સવની તમામ કમાંડ ભગવાન દ્વારકાધીશ પોતે સંભાળે તેવી વિનંતી પણ કરવામાં આવી હતી. ત્યાર બાદ મહાનુભાવોએ રુક્ષ્મણી મંદિર સામે આવેલા વિશાળ ગ્રાઉન્ડમાં થતી તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. અને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું. આહિર સમાજની મહિલાઓ દ્વારા ગ્રાઉન્ડમાં શ્રીફળ વધેરી અને મેદાનની સાફ-સફાઈ તેમજ સમીયાણા બાંધવાના શ્રી ગણેશ કર્યા હતા.

# કેશોદમાં એઈડ્સ જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૫

શ્રી સર્વોદય હાઈસ્કૂલ કેશોદ એન.એસ.એસ. યુનિટ દ્વારા આયોજિત વિશ્વ એઈડ્સ દિવસ ડિસેમ્બર ૨૦૨૩માં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સરકારી હોસ્પિટલના કર્મચારી જાગૃતિબેન દ્વારા ધો.૯ થી ૧૨ના દરેક વિદ્યાર્થીઓને એઈડ્સ રોગથી બચવાના ઉપાયો અને તે થવાના કારણ જણાવી વિગતે માહિતી આપવામાં આવેલી અને સાથે સાથે વિદ્યાર્થીઓની રેલી યોજવામાં આવેલી જે શહેરના મુખ્ય માર્ગ વિસ્તારમાં વેરાવળ રોડ બસ સ્ટેશન રોડ વગેરે મુખ્ય ભાગમાંથી પસાર થઈને લોકો સુધી માહિતી પહોચાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેમાં શાળાના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શાળાના આચાર્ય એસ.આર. ચાવડા, પ્રોગ્રામ ઓફિસર ડાંગર, ઝાલા, સુપરવાઈઝરની જાગૃતિબેન શહેરમાં જે.એન. મોરી તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

ગંભીર આક્ષેપો સાથે

# માણાવદર પાલિકામાં ભંગાર વેચાણની તપાસ કરવા ધારાસભ્ય લાડાણીની માંગ

## તપાસ કરવામાં તંત્ર કેમ બીવે છે શું કોઈ અંગત લાભ હતો ?

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૫

માણાવદર પાલીકામાં છેલ્લા છએક મહિના પહેલા ભંગારના વેચાણની સનસનીખેજ આક્ષેપો સાથે માણાવદર વિધાનસભા ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ ઉચ્ચ સ્તરીય તપાસ માંગતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ગંભીર આક્ષેપો ધારાસભ્ય અરવિંદભાઈ દ્વારા કરાયા છે જેમાં પાલિકામાં અપસેડ પ્રાઈઝ કોઈ ખાનગી પાર્ટી પાસે કેમ નકકી કરાયા ? જાહેર નિવિદા પણ શંકાસ્પદ જણાય છે. કિંમતી ટ્રેકટરોની ૩પથી ૪૫ હજાર જેવા મામુલી ભાવે વેચાણ કરાયું છે. જે હક્કિત કિમતો ઉચ્ચી આવી શકે છે. ભંગારનો બજાર ભાવ ઉચ્ચો ૩૦ રૂપિયા જેવો છે જયારે પતરાનો રૂા.૨૫માં વેચાણ થઈ રહયું છે જયારે માણાવદર પાલીકાના વહીવટદારોએ માત્ર રૂા.પાંચમાં વેચાણ કરાતા તેમજ ખુલ્લો ભ્રષ્ટાચાર થયાનું જણાય આવે છે. ૨૭૦૦ નંગ ટયુબલાઈટ હતી ત્યાં ૧૦૦ જેટલી સોડિયમ લાઈટનો ભંગાર પણ રૂા.પના ભાવે કે જે ભંગારના ભાવે કેમ વેચાણ કરાયું ? તે પ્રશ્ને અરવિંદભાઈએ ઉપાડયો છે તથા એક ટ્રેકટર વહીવટદારના મળતીયાઓ દ્વારા એનકેમ પ્રકારે લીધાનો ખુલ્લો આક્ષેપ કરાતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. તપાસ કરવામાં તંત્ર કેમ બીવે છે શું કોઈ અંગત લાભ હતો ? તેવી ચર્ચાઓ થઈ રહી છે.

# ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને થશે રાહતઃ ત્રણ નવા તબીબોની નિયુક્તિ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલ સમગ્ર જિલ્લાના દર્દીઓ માટે રાહત રૂપ છે. ત્યારે અહીંની હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી વિવિધ નિષ્ણાત તબીબોની જગ્યાઓ ખાલી હોવાથી દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થવા પામી હતી. તાજેતરમાં રોગી કલ્યાણ સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર અશોક શર્માની અધ્યક્ષતામાં રોગી કલ્યાણ સમિતિની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીંની હોસ્પિટલમાં વિવિધ તજજ્ઞ તબીબોની જગ્યા ભરવા માટે યોજવામાં આવેલા ઈન્ટરવ્યૂમાં હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડોક્ટર મનોજ કપૂર તેમજ આર.એમ.ઓ. ડો. કેતન ભારથીના વડપણ હેઠળ યોજવામાં આવેલા આ વોક ઈન ઈન્ટરવ્યૂમાં બાળ રોગ નિષ્ણાત, સ્ત્રી રોગ નિષ્ણાત તબીબ સહિત ત્રણ સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરોની નિમણૂક કરવા માટેની કાર્યવાહી કરાઈ હતી.

હાલ અહીંની સરકારી સિવિલ હોસ્પિટલમાં થોડા સમય પૂર્વે નેત્રરોગ નિષ્ણાત તથા ઓર્થોપેડિક સર્જનની નિયુક્તિ બાદ વધુ ત્રણ સ્પેશિયાલિસ્ટ ડોકટરની નિયુક્તિથી હવે સરકારી હોસ્પિટલમાં મહદ અંશે રોગોની સારવાર સરળતાપૂર્વક થઈ શકશે. જેથી દર્દીઓમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

**સિવિલ હોસ્પિટલમાં વર્ગ ત્રણ અને ચારના કર્મચારીઓના અભાવે ગંદકી**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થોડા સમય પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે નવ નિર્માણ પામેલી ૧૫૦ બેડની સરકારી સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી ૯૦ બેડનું મહેકમ છે. જે મુજબ ૯૦ બેડના નર્સિંગ સ્ટાફ તથા સ્વીપર, સફાઈ કામદારો તથા અન્ય સ્ટાફ ફરજ પર છે.

વર્ષ ૨૦૧૩માં દેવભૂમિ દ્વારકા જિલ્લો જામનગરથી અલગ થતા હાલ ૧૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી અહીંની સરકારી હોસ્પિટલમાં ૧૫૦ બેડની સવલત પ્રાપ્ય છે અને અહીં આટલા જ દર્દીઓ સારવારનો લાભ લ્યે છે. પરંતુ તેની સામે વર્ગ-૩ અને વર્ગ ૪ના ૯૦ બેડ મુજબના જ કર્મચારીઓ છે. આ પરિસ્થિતિમાં સ્ટાફની અછતના કારણે તેમજ કોઈ સ્ટાફ રજા પર જતા શૌચાલય સહિતની સાફ-સફાઈ વિગેરે બાબતે ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થઈ જાય છે અને ગંદકી પણ જોવા મળે છે.

ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરા હાલ કેબિનેટ મંત્રી તરીકે કાર્યરત છે. ત્યારે અહીંની સિવિલ હોસ્પિટલના સ્ટાફનું મહેકમ જે ૯૦ બેડનું છે, તે ૧૫૦ બેડની સુવિધા મુજબ અપગ્રેડ કરીને જરૂરી સ્ટાફની તાકીદે ભરતી કરવામાં આવે તેવી પણ માંગ દર્દીઓમાં ઉઠી રહી છે.

### અવસાન નોંધ

રાજકોટ : મસ્કત નિવાસી હાલ રાજકોટ સ્થાનકવાસી જૈન સ્વ.નિલાબેન અરવિંદભાઈ પારેખ(ઉ.વ.૬૯)તે અરવિંદભાઈ મહાસુખભાઈ પારેખના પત્ની, હરેશભાઈના ભાભી અને વિરલ, હેમાંગના માતા તા.૩-૧૨ને રવિવારે અરિહંત શરણ પામ્યા છે. સદ્ગતનું ઉઠમણું તા.૭-૧૨ને ગુરૂવારે હરિહર સોસાયટી-૩ હરિહર કોમ્યુનિટી હોલ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૫ રાખેલ છે.

# દ્વારકામાં ગોમતીઘાટ નજીક મહિલાઓ માટે સુવિધાસભર ચેન્જિંગ રૂમનું થશે નિર્માણ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

સુવિખ્યાત યાત્રાધામ દ્વારકામાં મહિલાઓ માટે હાલારના સાંસદ પૂનમબેન માડમના પ્રયાસોથી ગોમતીઘાટ વિસ્તારમાં રૂપિયા ૫૦ લાખના ખર્ચે વિવિધ સુવિધાઓ સાથેના ચેન્જિંગ રૂમના નિર્માણ માટેની મંજૂરી સાંપડી છે.

યાત્રાધામ દ્વારકા ખાતે દરરોજ હજારોની સંખ્યામાં દર્શનાર્થે યાત્રાળુઓ આવે છે. ત્યારે અહીં આવેલી પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કરીને મહિલાઓ - પુરુષો પુણ્યનું ભાથું બાંધે છે. હાલ ગોમતીઘાટ નજીક મહિલાઓ માટે સુવ્યવસ્થિત ચેન્જિંગ રૂમ નથી.

ત્યારે આ બાબતને ધ્યાને લઈને ગોમતી કિનારે મહિલાઓ માટે સુવિધાઓ સાથેનું ચેન્જિંગ રૂમ બની રહે તે માટે જામનગર - દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા રૂપિયા ૫૦ લાખના ખર્ચે ચેન્જિંગ રૂમના ઈન્સ્ટોલેશન માટેની ગ્રાન્ટ મંજૂર કરવા માટેના પ્રયાસોને સફળતા મળી છે.

હરિદ્વારમાં ગંગા નદી કિનારે લગાવવામાં આવેલા ચેન્જિંગ રૂમની ડિઝાઈન પરથી આ ચેન્જિંગ રૂમ બનાવવા માટેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. દ્વારકાના વાતાવરણને અનુરૂપ આધુનિક ડિઝાઈન મુજબ અહીં પણ ગોમતી નદીના ઘાટ પર અતિ આધુનિક ચેન્જિંગ રૂમની વ્યવસ્થાનો લાભ દ્વારકા આવતા યાત્રાળુઓને પ્રાપ્ત થશે.



અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ઘણા વર્ષો સુધી યાત્રાધામ દ્વારકાને અનુરૂપ ગોમતીઘાટ નજીક મહિલાઓ માટે ચેન્જિંગ રૂમ બનાવવાની વ્યવસ્થા કરવામાં આવે તે માટે રજૂઆતો કરાઈ હતી. પરંતુ સાંસદ પૂનમબેન માડમના પ્રયાસોને સફળતા મળી છે.

### વડાલ ખાતે આવેલ વિશ્વના સૌથી મોટા

# પૃષ્ટી સંસ્કારધામના આંગણે શિલાન્યાસ મહોત્સવ

## તા.૧૪ થી ૨૦ ડિસેમ્બર સુધી સપ્ત દિવસીય શિલાન્યાસ અવસરે સપ્તરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો : ૧૦ હજારથી વધારે બાળકો અને યુવાનો દ્વારા તૈયારી : વૈષ્ણવોમાં ભારે ઉત્સાહ





જૂનાગઢ, તા.૫

જૂનાગઢ તાલુકાના વડાલ ખાતે આવેલા વિશ્વના સૌથી મોટા પૃષ્ટી સંસ્કારધામના આંગણે શિલાન્યાસ મહોત્સવનો કાર્યક્રમ સતત ૭ દિવસ સુધી યોજવામાં આવનાર છે. અને જે અંગેની તડામાર તૈયારી હાલ ચાલી રહી છે. ૧૨૫ વિઘામાં વિશ્વનું સૌથી મોટુ પૃષ્ટી સંસ્કારધામની ફેઝ-૧ની કામગીરી પૂર્ણતાના આરે છે અને ફેઝ-૨ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવનાર છે. અને જે અંતર્ગત ભવ્ય શિલાન્યાસ વિધીનો કાર્યક્રમ યોજવામાં આવશે જેમાં દેશ-વિદેશના લાખો વૈષ્ણવ ઉપસ્થિત રહેનાર છે. ત્યારે આ કાર્યક્રમનો લઈને વૈષ્ણવોમાં ઉત્સાહની હેલી ઉઠવા પામી છે. પૃષ્ટી સંસ્કારધામ ખાતે યોજાનારા આ કાર્યક્રમ અંગે પૃષ્ટી સંસ્કારધામના સંયોજક અને પ્રવકતા આનંદ ઠકકર તથા ટ્રસ્ટી અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા સહિતના ટ્રસ્ટીઓએ કાર્યક્રમો અંગેની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે,

આ સાત દિવસીય મહોત્સવમાં વિવિધ પ્રદર્શની અને સાંસ્કૃતિ કાર્યક્રમ ખુબ આકર્ષક રૂપ બની રહેશે. જેમાં દક્ષિણભારતની ચેન્નઈની ડો.લક્ષ્મી રામાસ્વામિ દ્વારા બે દિવસીય ભજગોવિંદ અને મધુરાધપતે અખિલમની ભરતનાટયમ કૃતિ, સાયન્સ અને ટેકનોલોજી આધારિત સૃષ્ટિ પ્રદર્શની વગેરે ગણાવી શકાય. શિલાન્યસ મહોત્સવ અંગે પુષ્ટિ સંસ્કાર ધામનાં સંયોજક અને પ્રવકતા આનંદ ઠકકર તથા ટ્રસ્ટી અને ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા સહિતના ટ્રસ્ટીઓએ વધુમાં જણાવ્યું હતું કે આ ભવ્ય મહોત્સવ ૧૪ થી ૨૦ ડિસેમ્બર દરમ્યાન યોજાશે જેમાં દરરોજ બપોરે ૩ થી ૭ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. જે અંતર્ગત તા.૧૪ અને ૧૫ ડિસેમ્બરના ૩ વાગ્યાથી ચેન્નઈની શ્રીમુદ્વલયા રેપર્ટરી ગૃપ દ્વારા ડો.લક્ષ્મી રામાસ્વામીની ખુબ જાણીતી ભરતનાટયમ કૃતિ આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ છે આ ઉપરાંત વિવિધ પ્રદર્શનીઓ જે સાતેય દિવસ જોઈ શકાશે જેમાં ગિરની શ્રેષ્ઠ ગિરગાય, અને ગિર ગોવંશનું પ્રદર્શન થશે. જેમાં સૌરાષ્ટ્રભરના ખેતીકામ સાથે સંકળાયેલા વૈષ્ણવો વિશાળ સંખ્યામાં ઉમટી પડશે. આ ઉપરાંત ૧૬થી૧૭ ડિસેમ્બર દરમ્યાન પૃષ્ટિ સંસ્કાર પાઠશાળાના ૩૦૦થી વધારે કેન્દ્રના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમ અને ૧૮-૧૯ ડિસેમ્બર દરમ્યાન તથા પૃષ્ટિ સંસ્કાર સ્કુલ અને પૃષ્ટિ શૈક્ષણિક સંસ્થાના ૧૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

વૈષ્ણવ મોટી હવેલીના ગૌ.વા. કિશોર બાવાશ્રીના ઋષિ વૈદિક પરંપરા આધારિત વૈષ્ણવ સંપ્રદાયના વિશ્વના સૌથી મોટા સંકૂલના સ્વપ્રને સાકાર કરવા હજારોની સંખ્યામાં વૈષ્ણવ કાર્યકરો ના સતત પ્રયાસોથી સૌરાષ્ટ્રમાં ૨૦૦ થી ૨૫૦ પાઠશાળાઓ કાર્યરત છે જેમાં ૧૫૦૦૦થી વધુ બાળકો સંસ્કૃતમાં અભ્યાસ કરી રહ્યા છે. જે કામગીરી વધારવા ત્રણેક લાખ સ્કવેર ફુટના બાંધકામ સાથે રૂા.૨૦૦ કરોડના ખર્ચે અહીં પુષ્ટિ સંસ્કારધામનું આયોજન થઈ રહ્યુ છે. વધુમાં કિરીટભાઈ, ચેતનભાઈ, મથુરભાઈ અને વિઠલભાઈ ને જણાવ્યુ હતુ કે આ કાર્યક્રમમાં ૪થી ૫ હજાર કાર્યકરો જુદી જુદી ૨૦૦ કમિટીઓ ના વડપણ હેઠળ કાર્યરત થઈ ગયા છે અને તડામાર તૈયારી ચાલી રહી છે.

### પૃષ્ટી મહોત્સવમાં ઉમટી પડવા અનુરોધ કરતા પૂ.પિયુષબાવા



જૂનાગઢ, તા.૫

જૂનાગઢ તાલુકાના વડાલ ખાતે વૈષ્ણવ સંપ્રદાયનું વિશ્વનું સૌથી મોટુ ઋષી સંસ્કૃતિ જ્ઞાન તિર્થ સંસ્કારધામ ખાતે શિલાન્યાસ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે અને જે અંગેની હાલ તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે ત્યારે આ ભવ્ય મહોત્સવમાં સહભાગી બનવા અને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વૈષ્ણવ ભકતોને વૈષ્ણવાચાર્ય પૂ.પિયુષબાવાશ્રીએ અનુરોધ કરેલ છે.

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતોને ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટે સહાય

### ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ પર તા.૮મી ડિસેમ્બરથી અરજી કરી શકશે

જૂનાગઢ, તા.૫

રાજ્યના ખેડૂતોને પાક રક્ષણ હેતુ ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટે સહાય આપવાની યોજનાનો લાભ મેળવવાની તક છે. આ માટે આઈ-ખેડૂત પોર્ટલ તા.૮-૧૨-૨૦૨૩થી ખુલ્લુ મુકવામાં આવશે.

આ યોજના હેઠળ ખેડૂત અથવા ખેડૂતોએ જુથમાં ઓછામાં ઓછા ૨ (બે) હેક્ટર વિસ્તાર (કલસ્ટર) માટે નવી તારની વાડ બનાવવા. રનીંગ મીટર દીઠ રૂા.૨૦૦ અથવા ખરેખર થનાર ખર્ચના ૫૦% બે માંથી જે ઓછુ હોય તે મુજબ સહાય આપવામાં આવશે. આઈ ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઈન અરજીઓ જિલ્લાને ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે.

ખેડૂતોની અરજીઓ સ્વીકારવા આઈ ખેડૂત પોર્ટલ પર જૂનાગઢ જિલ્લામાં તા.૮-૧૨-૨૦૨૩ સવારે ૧૦:૩૦ કલાકથી દિન-૩૦ સુધી ખુલ્લું મુકવામાં આવશે.

ખેડૂતોએ લેવાની થતી કાળજીમાં કલસ્ટર માટે ખેડુતો દ્વારા ગ્રુપ લીડર નક્કી કરવાના રહેશે. ખેડૂત/ખેડૂતોએ જુથ દ્વારા અરજી કર્યા બાદ દિન-૧૦માં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે સાધનીક પુરાવા સાથે જિલ્લા ખેતીવાડી અધિકારીને રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ સ્થળ ચકાસણી કર્યા પછી પૂર્વ મંજુરી આપવામાં આવશે.

ઓનલાઈન અરજીની સહીવાળી નકલ થતા સંયુક્ત ખાતેદારના કિસ્સામાં બાંહેધરી પત્રક,૭/૧૨, ૮-અ ની નકલ અથવા વન અધિકાર પત્રની નકલ, બેંક પાસબુકની નકલ/ રદ કરેલ ચેક,આધારકાર્ડની નકલ, કબુલાતનામું અને સ્વઘોષણા પત્રકઅનેડીમાર્કશન વાળી નકશો રજૂ કરવાનો રહેશે.

પૂર્વ મંજૂરી મેળવી હોય તેવા ખેડૂત / ખેડૂત જુથ્થ લીડરે નિયત ડિઝાઈન અને સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સિંગ બનાવવાની સંપુર્ણ કામગીરી દિન-૧૨૦ માં પૂર્ણ કરી સામાન ખરીદીના GST વાળા બીલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહીત કલેમ જમા કરાવવાનો રહેશે. ત્યારબાદ કામગીરી પૂર્ણ થયાની સ્થળ ચકાસણી કર્યા પછી સહાયની રકમ બેંક ખાતામાં જમા કરવામાં આવશે.જે જમીન ઉપર ખેતી થતી હોય તેવી જમીન પર ફેન્સીંગ કરવાની સહાય મળવાપાત્ર છે. જેની તમામ ખેડૂતોને કાળજી લેવા જણાવવામાં આવે છે.

# માળીયા હાટીનાના ધરમપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત

### ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાએ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા કર્યો અનુરોધ : લોકોને પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કરવા ધરતી કરે પુકાર લઘુ નાટક પણ રજૂ કરાયું




જૂનાગઢ, તા.૫

માળીયા હાટીનાના ધરમપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાની પ્રેરક પરિસ્થિતિ રહી હતી. તેમણે પ્રસંગોચિત સંબોધન કરતા કહ્યું કે, રાજ્ય - સરકારની કલ્યાણકારી યોજનાઓ લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે. આ સાથે પ્રજાલક્ષી યોજનાઓનો વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી મહત્તમ લાભ લેવા માટે અવરોધ કર્યો હતો.

તાલુકા વિકાસ અધિકારી મિલનકુમાર પાવરાએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં ગ્રામજનોને યથાયોગ્ય યોગદાન આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે લોકો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે ધરતી કરે પુકાર એક લઘુનાટ્ય પણ રજુ કરવામાં આવ્યું હતું. તેમજ ડ્રોન નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ સહિતની સહિતની યોજનાઓના લાભોનો વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે આગામી રવિવાર એટલે કે પોલિયો રવિવારે પોલિયોના ટીપા અચૂક પીવડાવવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત આરોગ્ય સેવાઓનો પણ ગ્રામજનોએ લાભ મેળવ્યો હતો.

બુથ લેવલ ઓફિસર દ્વારા મતદાર યાદીમાં જરૂરી સુધારા કરવા માટે ફોર્મ ભરવા સહિતની જરૂરી સવલત રાખવામાં આવી હતી. ઉપરાંત ગ્રાહક સુરક્ષા, આંગણવાડી સહિતની બાબતોને અનુલક્ષીને લોકોને જાણકારી આપવા માટે વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ પ્રસંગે અગ્રણી રાજેશભાઈ ભાલોડીયા, સરપંચ, જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# માળીયા હાટીના તાલુકાના કાલીંભડા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત




જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લામાં માળીયાહાટીના તાલુકાના કાલીંભડા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉત્સાહભેર સ્વાગત ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓની જાણકારી આપવાની સાથે લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવી હતી.કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓએ મેરી કહાની મેરી ઝુબાની અન્વયે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ પ્રધાનમંત્રીનો સંદેશ સાંભળવાની સાથે વિકાસલક્ષી ટુંકી ફિલ્મ નિહાળી વિકસિત ભારતના સંકલ્પ શપથ લીધા હતા. કાર્યક્રમમાં બે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડનું નમૂના રૂપે એનાયત, નલ સેજલ યોજના અન્વયે પંચાયતને અભિનંદન પ્રમાણપત્ર, આરોગ્ય વિભાગ દ્વારા નિશુલ ચેકઅપ ,પીએમજેએવાય ના ત્રણ લાભાર્થીઓને કાર્ડ વિતરણ, આંગણવાડી કાર્યકર દ્વારા પૌષ્ટિક આહાર માટેનું લાઈવ ડેમો, ડ્રોનનીદર્શન પણ યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમમાં મહાનુભાવો, આગેવાનો, અધિકારીઓ, કર્મચારીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### દુનિયાભરમાં આજથી તા. ૨૦ ડિસેમ્બર સુધી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

# વર્ષ ૨૦૨૩ નો આખરી જેમીનીડસ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો’

### તા. ૧૩, ૧૪ અને ૧૫ મી એ રાજયના લોકો ઉલ્કાવર્ષા અદ્દભુત જોઈ શકશે



અમદાવાદ, તા.૫

દુનિયાભરના લોકોએ ઓકટોબર – નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્દભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષ ૨૦૨૩ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો આજથી તા.૨૦મી ડિસેમ્બર સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયના લોકો તા. ૧૩, ૧૪ અને ૧૫ એમ ત્રણ દિવસ આકાશમાં ઉલ્કાવર્ષા આહલાદક જોઈ શકશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. ‘જાથા’ ના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષ્રો ડિસેમ્બર માસમાં તા. ૪ મી થી ૨૦ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્દભૂત જોવા મળે છે. દેશ–વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. તા. ૪ થી ક્રમશઃ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. તા. ૧૩ મી થી ત્રણ દિવસ દક્ષિણ ગોળાર્ધમાંથી મધ્યરાત્રિ બાદ પરોઢ સુધી સુધી ખૂબ જ સારી રીતે જેમીનીડીસ ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. જો કે તા. ૧૩, ૧૪ અને ૧૫ ના મધ્યરાત્રિથી સવાર સુધી સૂર્યોદય પહેલા ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજયના લોકો તા. ૧૩ થી ૧૫ ના રોજ મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી આહલાદક ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે. વધુમાં પંડયા જણાવે છે કે જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તા. ૧૩, ૧૪ અને ૧૫ ત્રણ દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉતર, પૂર્વ દિશા જોવામાં શ્રેષ્ઠ છે. ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે–રાત્રે ઉલ્કાવર્ષા થાય છે. તા. ૧૩, ૧૪ અને ૧૫ ત્રણ દિવસ ઉલ્કા જોવાનું ચુકશો નહિ. ખગોળપ્રેમીઓ દરિયાઈ કિનારે તથા પર્વતીય – ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી પડાવ નાખશે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો આકાશમાં જોવા મળશે.

# કોડીનાર એસટી ડેપોમાં શુભ યાત્રા સ્વચ્છતા યાત્રા અભિયાન કાર્યક્રમ યોજાયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫

રાજયના એસટી નિગમ દ્વારા એસટી બસ અને બસ સ્ટેશનમાં સ્વરછતા જળવાઈ તેટલા માટે શુભ યાત્રા સ્વસ્યાત્રા અભિયાન ઝુંબેશ આજે કોડીનાર ડેપો ખાતે કરવામાં આવ્યું. આ અભિયાન એસટી નિગમની સ્વચ્છતા અંગેની સુધારવા તેમજ મુસાફર જનતાને પણ આ ઝુંબેશ નો ભાગ બની અને સ્વચ્છતા અભિયાનનો સંદેશ મહત્તમ મુસાફરો જનતા સુધી પહોંચે તે ઉદેશ્ય છે ત્યારે આજે આ અભિયાનમાં કોડીનાર ડેપો મેનેજર આર કે મગરા દ્વારા ઝુંબેશનું પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં અમરેલી એસટી વિભાગ ના સિક્યુરિટી ઓફિસર ડાભી હાજર રહ્યા હતા તેમજ બસો ની અંદર ડસ્ટબીન મૂકવામાં આવ્યા હતા અને સ્વચ્છતા જાળવવા માટે ના સ્ટીકર બસમાં મુસાફરો વાંચી શકે તે પ્રમાણે લગાડવામાં આવ્યા હતા. જ્યારે આ પ્રસંગમાં કોડીનાર તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર, કોડીનાર તાલુકા માર્કેટીંગ યાર્ડના ચેરમેન સુભાષભાઈ ડોડીયા અને નારણભાઈ બારડ, માજી નગરપાલિકા પ્રમુખ મનુભાઈ રાઠોડ, અજીતભાઈ ચાવડા અને રાજકીય અગ્રણી તેમજ સ્ટાફે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી લોકોને સ્વચ્છતા નો સંદેશ પાઠવ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ઈઝરાયલ હુમલામાં સામેલ તમામને માથે ખતરાની ઘંટડી

ખુબ ટૂંકા સમયમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના સંઘર્ષ દરમિયાન ચાર દિવસના સંઘર્ષવિરામમાં હમાસે ઈઝરાયલમાંથી અપહરણ કરેલા કેટલાક બંધકોને મુક્ત કરવાનું શરૂ કર્યાના ખબર આવ્યા છે. અપહૃતોના પરિવારજનોએ તેમના સ્વજનોની મુક્તિથી તેમને મળેલી રાહત વિશે વાત કરી છે. મુક્ત કરાયેલા અપહૃતોમાં વૃદ્ધ મહિલાઓ અને નાનાં બાળકોનો સમાવેશ થાય છે. હમાસે મુક્ત કર્યા બાદ આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ સંગઠને આ તમામ લોકોને ગાઝામાંથી ઈજિપ્તમાં ખસેડયાં હતાં જ્યાંથી તેમને ઈઝરાયલ પહોંચાડી દેવામાં આવ્યાં છે. ઈઝરાયલે તેના કબજામાં રહેલા પેલેસ્ટાઈનના લોકોને વેસ્ટ બેંકના બૈટુનિયા ચેકપૉઈન્ટ ખાતે મુક્ત કર્યા હતા. આ પરિવારને તે જે ઘટનાના અને તેની યાતનાઓમાંથી પસાર થવાના આઘાતમાંથી બહાર કાઢીને તેમને ફરીથી ચેતનવંતો બનાવવાનો દૃઢનિશ્ચય કર્યો તે પણ આવકાર્ય છે. જે લોકોનું અપહરણ થયું છે, તે લોકો માત્ર પોસ્ટર કે સૂત્રો નથી, એ લોકો જીવતા મનુષ્યો છે અને એ અપહૃત લોકોના પરિવારો નવો પરિવાર છે. મધ્ય-પૂર્વ એશિયાના દેશ કતારે ઈઝરાયલ અને હમાસ વચ્ચે મધ્યસ્થી દ્વારા કરેલી સમજૂતી સિવાય હમાસે થાઈલૅન્ડ અને ફિલિપિન્સના નાગરિકને પણ મુક્ત કર્યા છે. કતાર દ્વારા કરવામાં આવેલી મધ્યસ્થી બાદ થયેલી સમજૂતી હેઠળ હમાસના કબજામાં રહેલા ઈઝરાયલના બંધકો સામે ઈઝરાયેલે પકડેલા પેલેસ્ટાઈનના લોકોની અદલાબદલી કરાશે.

કહેવાય છે કે, ઈઝરાયલ પરના હુમલામાં જે સામેલ રહ્યા છે એ તમામનું મોત નક્કી છે. આમાં હમાસની લશ્કરી પાંખના ભાગેડુ વડા પણ સામેલ છે. જે ૭મી ઑક્ટોબરના હુમલા પાછળના માસ્ટરમાઈન્ડ છે અને એ હુમલાને તેઓ એક મિલિટરી ઓપરેશન ગણાવે છે, એ હુમલાને નક્કી કરવામાં અને યોજના બનાવવા પાછળ યાહ્યાનું મગજ હોઈ શકે છે. જે ઈઝેદીન અલ-કાસમ બ્રિગેડનો જ ભાગ છે. ઈઝરાયલી માને છે કે હમાસ લીડર ઈસ્માઈલ હાનિયાહ પછીના સેકન્ડ-ઈન-કમાન્ડ છે, તેઓ ગાઝામાં સુરક્ષાકર્મીઓ સાથે કોઈ ટનલમાં છુપાયેલા છે. તેઓ ડરના લીધે કોઈ સાથે સંદેશાવ્યવહાર નથી કરી રહ્યા કેમ કે તેમનું સિગ્નલ ટ્રેક થવાથી તેમનું લૉકેશન પકડાઈ શકે છે. ઈઝરાયલનાં સંરક્ષણ અને સુરક્ષા સંસ્થાનોમાંના ઘણા લોકો માને છે કે કેદીઓની અદલાબદલીના ભાગ રૂપે સિનવારને જેલમાંથી બહાર કાઢવા એ ઘાતક ભૂલ હતી. ઈઝરાયલીઓ માને છે કે, તેઓને સલામતીની ખોટી ભાવનામાં ફસાવવામાં આવ્યા હતા કે હમાસને આર્થિક પ્રોત્સાહનો અને વધુ વર્ક પરમિટો ઑફર કરીને યુદ્ધ માટેની એ લોકોની ભૂખને ઠારી દેવામાં આવશે. અલબત્ત, આ એક વિનાશક ખોટી ગણતરી હોવાનું બહાર આવ્યું.

યારી પોતાની જાતને પેલેસ્ટાઈનને આઝાદ કરવાનારી વ્યક્તિ તરીકે જુએ છે. તેઓ ગાઝા માટે આર્થિક પરિસ્થિતિમાં સુધાર લાવવા કે સામાજિક સેવાઓ સુધારવા વિશે કામ કરનારી વ્યક્તિ તરીકે પોતાને નથી ગણતા. પણ ૨૦૧૫માં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે સિનવારને 'વૈશ્વિક આતંકવાદી' તરીકે વર્ગીકૃત કર્યા હતાં. મે-૨૦૨૧માં ઈઝરાયલી હવાઈ હુમલાઓએ ગાઝા પટ્ટીમાં તેમનાં ઘર અને ઑફિસને નિશાન બનાવ્યાં હતાં. વિશ્લેષકોએ તેમને હમાસના રાજકીય બ્યુરોને તેની સશસ્ત્ર પાંખ ઈઝેદીન અલ-કાસમ બ્રિગેડ સાથે જોડતી મુખ્ય વ્યક્તિ તરીકે ઓળખાવી છે. તે માણસ અને તેની આખી ટીમ ઈઝરાયલી લશ્કરની નજરમાં છે. સિનવાર પણ ઈરાનની નિકટની વ્યક્તિ છે. શિયા દેશ અને સુન્ની આરબ સંગઠન વચ્ચેની ભાગીદારી સ્પષ્ટ નથી પરંતુ બંને ઈઝરાયલ રાજ્યને નષ્ટ કરવા અને જેરુશલેમને ઈઝરાયલના કબજામાંથી મુક્ત કરવા માટે એક ધ્યેય ધરાવે છે. તેઓ સાથે કામ કરે છે. ઈરાન હમાસને ભંડોળ, ટ્રેઈનિંગ અને શસ્ત્રો આપે છે. તેને તેની લશ્કરી ક્ષમતાઓ વિકસાવવામાં અને હજારો રૉકેટના શસ્ત્રાગારને એકત્ર કરવામાં મદદ કરે છે. જેનો ઉપયોગ તે ઈઝરાયલી નાગરિકોને નિશાન બનાવવા માટે કરે છે. આ બધા વચ્ચે કદાચ સૌથી મોટો પ્રશ્ન એ રહે છે કે, જ્યારે ઈઝરાયલ હમાસને નાબૂદ કરવા માટેનું લશ્કરી અભિયાન સમાપ્ત કરશે ત્યારે ગાઝાનું શું થશે? અને આખરે કોણ ચાર્જ સંભાળશે? અને શું તેઓ તેને ફરી એકવાર ઈઝરાયલ પરના હુમલાઓનું લોન્ચપેડ બનવાથી રોકી શકશે?

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કષ્ટ આવતા પહેલા મનુષ્યની બુધ્ધિ વિપરીત બની જાય છે.
- ચાણક્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૮ કાલાષ્ટમી, શ્રી કાલભૈરવ જયંતિ તા.૫ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૧, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૧૯, સૂ.અ.૬:૦૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ:નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન:જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

વર્લ્ડ સોઈલ ડે - ''જમીન અને પાણીઃ જીવનનો સ્ત્રોત''

# ગુજરાતની ધરતીને ગુણવત્તાયુક્ત અને પ્રદુષણમુક્ત રાખવા માટે રાજ્ય સરકારે હાથ ધરી અનેક નવતર પહેલ

## પ્રાકૃતિક કૃષિ, સોઈલ હેલ્થ કાર્ડ અને નેનો યુરીયા સહિતની પહેલોના પરિણામે જમીનની ગુણવત્તામાં સુધારો આવશેઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

ગાંધીનગર તા.૦૫

સોઈલ એટલે કે જમીન સાથે અન્ન, પાણી અને હવા સહિતની અનેક બાબતો જોડાયેલી હોવાથી તેની ગુણવત્તા સદીઓ સુધી જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે. લોકોને જમીનના મહત્વ અને તેની ગુણવત્તા વિશે જાગૃત કરવા દર વર્ષે ૫મી ડિસેમ્બરે ''વર્લ્ડ સોઈલ ડે''ની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ''જમીન અને પાણી : જીવનનો સ્ત્રોત'' થીમ પર વર્લ્ડ સોઈલ ડે ઉજવવામાં આવી રહ્યો છે.

હવે પ્રશ્ન એ થાય છે કે જમીન બચાવવાની જરૂર કેમ છે? વાસ્તવમાં, પ્રદૂષણ અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગને પરિણામે જમીનની ગુણવત્તામાં ઘટાડો આવે છે, જે એક ગંભીર સમસ્યા છે. જમીનની ઘટતી ગુણવત્તાને કારણે જૈવિક પદાર્થોની ખોટ થાય છે અને જમીનની ફળદ્રુપતામાં પણ ઘટાડો થાય છે. આવી સ્થિતિમાં લોકોને આ અંગે જાગૃત કરવા ખૂબ જ જરૂરી છે.

ગુજરાતની ધરતીને ગુણવત્તાયુક્ત અને પ્રદુષણ મુક્ત રાખવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા અનેક નવતર પહેલ અને પગલાઓ લેવામાં આવ્યા છે. આ અંગે વાત કરતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ખેતી લાયક જમીનનું સ્વાથ્ય જળવાઈ રહે અને ખેડૂત મિત્રો ટકાઉ ખેતી કરી શકે તે માટે કૃષિ વિભાગે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

મંત્રી શ્રી પટેલે કહ્યું કે, જંતુનાશક દવાઓ અને રસાયણિક ખાતરોનો અયોગ્ય અને અપ્રમાણસરનો ઉપયોગ જમીનને મહદઅંશે નુકશાન પહોંચાડે છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, અને ખેડૂતોને પણ પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહિ, ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સરળતાથી અપનાવી શકે તે માટે તાલીમ શિબિરનું પણ આયોજન કરવામાં આવે છે. રાજ્ય સરકારની આ ઝુંબેશને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ખૂબ જ વેગ આપી રહ્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ આકર્ષાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સહાય પણ આપવામાં આવે છે. ગાય આધારિત ખેતી માટે સૌથી મહત્વપૂર્ણ ગાયનો નિભાવ ખર્ચ અને જીવામૃત-ઘનજીવામૃત બનાવવા માટે કીટ પણ આપવામાં આવે છે.


મંત્રીશ્રીએ અન્ય પહેલોની વાત કરતા જણાવ્યું કે, ખેડૂતો તેમની જમીનનું સ્વાસ્થ્ય ચકાસી શકે તે માટે વર્ષ ૨૦૦૩-૦૪થી 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના' અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ખેતરમાંથી જમીનનો નમૂનો લઈ તેનું પૃથ્થકરણ કરી કરવામાં આવે છે. જે પૃથક્કરણ રિપોર્ટના આધારે હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે અને ખેડૂતો સોઈલ હેલ્થ કાર્ડ રીપોર્ટના આધારે પોતાના ખેતરમાં ખૂટતા તત્વો ધરાવતા ખાતરનો ઉપયોગ કરી શકે છે. જેથી ખેતરમાં બીન જરૂરી કેમિકલયુક્ત ખાતરનો ઉપયોગ મર્યાદિત થતા જમીનનું સ્વાસ્થ્ય જળવાય છે.

મંત્રીશ્રીએ નેનો યુરિયાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, રાજ્ય સરકાર લીક્વીડ ફોર્મમાં આવતા નેનો યુરીયાને પ્રોત્સાહન આપી રહી છે. નેનો યુરીયાનો ફોલીયર સ્પ્રેના રૂપમાં છંટકાવ થતો હોવાથી તે છોડના પાન પર જ રહે છે. પરિણામે આગાઉ દાણાદાર યુરીયા જે સીધુ જમીનમાં નાખવામાં આવતુ જેનાથી જમીનના ક્ષાર વધતા જમીનનું સ્વસ્થ્ય બગડતું તથા જમીનના ખેતી ઉપયોગી જીવાણુંઓનો નાશ થતો હતો, તે અટકે છે.

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન આપતી પરંપરાગત કૃષિ વિકાસ યોજના હેઠળ ખેડૂતો દ્વારા જૈવીક ખાતરો, જૈવીક જંતુનાશકો, વર્મીકંપોસ્ટ, વનસ્પતિના અર્કનો ઉપયોગ કરીને ખેતી કરવામાં આવે છે. આવા ઉત્પાદનોના ઉપયોગ થકી જમીન વધુ ફળદ્રુપ બનાવવાના પ્રયત્નો પણ રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે. જેના થકી જમીનનું સ્વાથ્ય સુધરશે તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા જમીનનું સ્વાસ્થ્ય જળવાય, જમીનની ફળદ્રુપતા વધે, ખેત ઉત્પાદનમાં વધારો થાય તેમજ રસાયણોનો શક્ય હોય એટલો વપરાશ ઘટાડી ''વર્લ્ડ સોઈલ ડે''ની ઉજવણી સાર્થક કરી શકાય તેમ છે. જમીનના સ્વાસ્થ્ય બાબતે જાગૃતિ લાવવા ગુજરાત સરકાર તો કટિબદ્ધ છે જ, પરંતુ વધુમાં વધુ ખેડૂતો પણ આ પવિત્ર કામમાં સહભાગી થાય તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

# કોમી રમખાણોમાં મૃત્યુ પામેલા ૨૪ વર્ષીય દિકરાનો ન્યાય નહી મળતા પિતાએ ચુંટણીમાં જીતીને બદલો લીધો



## ઈશ્વર સાહુએ કોંગ્રેસના શક્તિશાળી મંત્રી રવિન્દ્ર ચૌબેને પાંચ હજાર મતોથી હરાવ્યા

છત્તીસગઢ,તા.૦૫


છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીમાં ઘણી બેઠકો પર અણધાર્યા પરિણામો સામે આવ્યા છે. આવી જ એક બેઠક સાજા વિધાનસભા બેઠક છે. બેમેટારા જિલ્લામાં આવતી આ બેઠક ગયા એપ્રિલમાં સમાચારોમાં આવી હતી જ્યારે બે સમુદાયો વચ્ચે કોમી રમખાણો થયા હતા. હવે આ રમખાણોમાં મૃત્યુ પામેલા ૨૪ વર્ષીય યુવક ભુવનેશ્વરના પિતા ઈશ્વર સાહુ ભાજપની ટિકિટ પર જીત્યા છે. ખાસ વાત એ છે કે ઈશ્વર વ્યવસાયે મજૂર છે. સરપંચની ચૂંટણીની વાત તો છોડો, વિધાનસભાની ચૂંટણીમાં ઊભા રહેવાનું તો તેમણે ક્યારેય વિચાર્યું પણ નહોતું. પુત્રના અવસાન બાદ ઈશ્વર સાહુને ન્યાય ન મળ્યો ત્યારે લોકોની સલાહ પર તેમણે જાતે જ સમગ્ર વ્યવસ્થામાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો અને તેની શરૂઆત ઘરેથી કરી અને વિધાનસભાની ચૂંટણીમાં ઉભા રહ્યા. તેમના પ્રચારમાં ભાજપે પણ તેમને સાથ આપ્યો હતો. ભાજપે તેમને સાજા વિધાનસભા બેઠક પરથી પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા. પ્રચાર દરમિયાન સાંપ્રદાયિક હિંસામાં માર્યા ગયેલા તેમના પુત્ર ભુનેશ્વરની તસવીર સાથે ઈશ્વર સાહુનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેના કારણે તેમને લોકોની સહાનુભૂતિ મળી અને તેમણે કોંગ્રેસના શક્તિશાળી મંત્રી અને સાત વખતના ધારાસભ્ય રવિન્દ્ર ચૌબેને ચૂંટણીમાં લગભગ પાંચ હજાર મતોથી હરાવ્યા. ચૂંટણી જીત્યા બાદ સજા બેઠક પરથી ચૂંટણી જીતેલા ઈશ્વર સાહુએ કહ્યું કે આ બુરાઈ પર સત્યની જીત છે. તેમણે કહ્યું, ચૂંટણી પ્રચાર દરમિયાન મારું સ્લોગન પણ હતું કે 'હવે સહન નહીં કરીએ, બદલીને રહીશું' તેમણે કહ્યું કે તેમની લડાઈ ગુંડાગીરી, ભ્રષ્ટાચાર અને અન્યાય સામે છે. તેઓ તેમના મતવિસ્તારના વિકાસ અને લોકોના કલ્યાણ માટે કામ કરશે. તમને જણાવી દઈએ કે છત્તીસગઢમાં કુલ ૩૩ જિલ્લા છે, જેમાંથી કુલ ૯૦ વિધાનસભા સીટો છે. ચૂંટણી પરિણામોમાં ભાજપે ૫૪ અને કોંગ્રેસે ૩૫ બેઠકો પર જીત મેળવી છે.

# ત્રણ રાજ્યોમાં ભાજપની જીતથી અમદાવાદ કોંગ્રેસ ભવનમાં સન્નાટો છવાયો

અમદાવાદ,તા.૦૫

ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીના આજે પરિણામ આવ્યા છે..જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં ભાજપે શાનદાર જીત હાંસલ કરી છે. જ્યારે કોંગ્રેસ માત્ર એક રાજ્યમા જ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકી છે. ત્યારે અમદાવાદ કોંગ્રેસ ભવનમાં સન્નાટો છવાયો હતો. પરિણામે અમદાવાદમાં કોંગ્રેસ ભવન સૂમસામ બન્યું હતું.બીજી બાજુ હાર બાદ કોંગ્રેસના મોટા ગજાના નેતાઓના નિવેદન સામે આવ્યા છે. કોંગ્રેસની કારમી હાર બાદ કોંગ્રેસ નેતા અર્જૂન મોઢવાડિયાની પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં તેઓએ કહ્યું કે રાજસ્થાન, છત્તીસગઢમાં કોંગ્રેસની હારના પરિણામ આવ્યા તે અમારા માટે નિરાશાજનક છે. તેઓએ દાવા સાથે એમ પણ જણાવ્યું હતું કે અમે ભૂલોને સુધારવાનો પ્રયાસ કરીશું અને હારને લઈ વિશ્લેષણ પણ કરીશું. તેવું અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું. વધુમાં ૪ રાજ્યોના ચૂંટણી પરિણામ પર ગુજરાત કોંગ્રેસના મુખ્યુ પ્રવક્તા ડો.મનીષ દોશીની પ્રતિક્રિયા પણ સામે આવી છે. ડો.મનીષ દોશીએ કહ્યું હતું કે તેલંગાણામાં કોંગ્રેસનો ભવ્ય વિજય થયો છે. રાજસ્થાનમાં કોંગ્રેસે ૫ વર્ષ પ્રજાલક્ષી કામ કર્યુ છે અને રાજસ્થાનની જનતા સરકારના પર્ફોર્મન્સથી ખુશ પણ હતી. જોકે જનતાએ સરકાર બદલવાના રિવાજ પ્રમાણે મતદાન કર્યુ હોવાથી કોંગ્રેસની હાર થઈ છે. રાજસ્થાનમાં મજબૂત વિપક્ષ તરીકે જવાબદારી મળી છે જે અમે નિભાવશું. વધુમાં છત્તીસગઢમાં ક્યાકને ક્યાક કોંગ્રેસ ઉણી ઉતરી હોવાનું કોંગ્રેસ નેતાએ સ્વીકાર્યું હતું અને છત્તીસગઢમાં જનતાનો ચૂકાદો અમે સ્વિકારીએ છીએ. મધ્યપ્રદેશમાં અમને વધુ અપેક્ષા હતી. જોકે મધ્યપ્રદેશમાં કાર્યકર્તાઓ મજબૂતીથી લડ્યા તેનો રાજીપો છે. હવે અમે મજબૂત વિપક્ષ તરીકે કામ કરશુ. તેમ કોંગ્રેસ દ્વારા જણાવાયું હતું.

# નકલી CMO ઓફિસર વિરાજ પટેલ આસામ-મિઝોરમ બોર્ડર પરથી ઝડપાયો



## પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ આરોપી ફરી વડોદરા પોલીસના સંકજામાં

વડોદરા,તા.૦૫

નકલી ઝર્ં ઓફિસર વિરાજ પટેલને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ૧૦ નવેમ્બરે પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ નકલી ઝર્ં ઓફિસર વિરાજ પટેલ ફરી એકવાર વડોદરા પોલીસના સંકજામાં આવ્યો છે. નોંધનિય છે કે, વિરાજ પટેલે મુંબઈની મોડલ સાથે ઓફિસરની ખોટી ઓળખ આપી દુષ્કર્મ આચર્યુ હતું. આ તરફ અગાઉ કોર્ટમાં રજૂ કરતાં દરમિયાન આરોપી વિરાજ પટેલ ફરાર થઈ ગયા બાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચ અને ઁઝ્રમ્ પોલીસે વિરાજ પટેલને પકડી પાડ્યો છે. ગુજરાતમાં ચકચાર મચાવનાર નકલી ઝર્ં ઓફિસર વિરાજ પટેલના કેસમાં મોટી અપડેટ સામે આવી છે. વિગતો મુજબ ૧૦ નવેમ્બરે આરોપી વિરાજ પટેલ સહિત અન્ય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ આરોપી વિરાજ ભાગી ગયો હતો. જે બાદમાં વડોદરા પોલીસ તેને શોધવા કામે લાગી હતી. જેમાં ખાસ કરીને આરોપીને જેલમાં મળવા આવનાર, જેલમાં બેરેકમાં રહેલા આરોપીઓની પૂછપરછ કરાઈ હતી. આ દરમિયાન હવે આસામ-મિઝોરમ બોર્ડર પરથી આરોપી વિરાજ પટેલને પોલીસે દબોચી લીધો હતો.

આ તરફ પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ વિરાજ પટેલને શોધવા પોલીસે કડક તપાસ શરૂ કરી હતી. જેમાં આરોપીને જેલમાં મળવા આવનાર, જેલમાં બેરેકમાં રહેલા આરોપીઓની પૂછપરછ કરાઈ હતી. આ સાથે સરકારી નંબર પરથી કોણે ફોન કર્યો હતો તેની પણ પોલીસે તપાસ કરી હતી. વિગતો મુજબ વિરાજ પટેલ વડોદરાથી અમદાવાદ અને અમદાવાદથી દિલ્હી ગયો હતો. જોકે વડોદરા પોલીસે ૬૫૦૦થી ૭૦૦૦ કિલોમીટર મુસાફરી કરી આરોપીને આસામ-મિઝોરમ બોર્ડર પરથી ઝડપી પાડ્યો છે. આ સાથે હવે આરોપીને કોને નાણાકીય મદદ કરી તેની પોલીસ પૂછપરછ કરી રહી છે.

વૈશ્વિક સ્તરીય ગુણવત્તાસભર ઉત્પાદન માટે સરકારનું ક્રાંતિકારી કદમ

# ઝેડ સર્ટિફિકેશન માટે લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોને સરકાર નાણાંકીય સહાય આપશે

ગાંધીનગર તા.૦૫

લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો દેશના અર્થતંત્રમાં મહત્વનો સ્તંભ છે. ભારત સરકારના એમએસએમઈ મંત્રાલય દ્વારા આવા ઉદ્યોગો વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર રહે તે માટે ક્રાંતિકારી કદમ ઉઠાવવામાં આવ્યા છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો માટે ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ એટલે કે ઝેડ નામની એક યોજના અમલમાં મૂકી માન્યતા આપવાનું શરૂ કર્યું છે. આ યોજના થકી ગ્લોબ માર્કેટમાં ભારતીય ઉદ્યોગોને પ્રોત્સાહન મળવા સાથે આત્મનિર્ભર ભારતની સંકલ્પના પણ સાકાર કરવામાં આવશે.

ઝેડ યોજના શું છે ? તેની ટૂંકમાં માહિતી આપતા વડોદરા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી શક્તિસિંહ ઠાકોરે જણાવ્યું કે, આ યોજના હેઠળ એમએસએમઈ ઉદ્યોગોને ઝેડ સર્ટિફિકેટ આપવામાં આવશે. આ પ્રકારના ઉદ્યોગોમાં વેસ્ટેજ ઘટાડવા, માર્કેટનું વિસ્તાર કરવા, વીજળી અને કુદરતી સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ અને પર્યાવરણહિતેષી બનાવવા સાથે ઉત્પાદન ક્ષમતા વધારવા માટે આ પ્રમાણપત્ર આપવામાં આવશે. આવા ઉદ્યોગો બેસ્ટ પ્રેક્ટિસ અપનાવે, વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે ઉત્પાદનના માપદંડોને બહેતર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા બ્રોન્ઝ, સિલ્વર અને ગોલ્ડ સર્ટિફિકેટ આપવામાં આવશે. આ પ્રમાણપત્ર આઈએસઓ જેવું છે, પણ ભારત સરકાર હવે ઉદ્યોગો માટે ઝેડ આપશે.

ઉક્ત ત્રણ પ્રકારના પ્રમાણપત્ર મેળવવા માટે સરકાર દ્વારા કેટલાક માપદંડો નિયત કરવામાં આવ્યા છે. જેમાં એમએસએમઈ ઉદ્યોગોએ પોતાના ઉત્પાદનની ગુણવત્તા, સુરક્ષા, સ્વચ્છ ઉત્પાદન પ્રક્રીયા, વીજળી અને પર્યાવરણ જેવા માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રમાણપત્ર મેળવવા માટે ઉદ્યોગ આધાર નંબર સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી એકમની પ્રાથમિક માહિતી અપલોડ કરવાની રહે છે. બ્રોન્ઝ માટે રૂ. ૧૦ હજાર, સિલ્વર માટે રૂ. ૪૦ હજાર અને ગોલ્ડ માટે રૂ. ૯૦ હજાર ફિનું ધોરણ છે, પરંતુ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને અનુક્રમે ૮૦, ૬૦ અને ૫૦ ટકા સબસિડી આપવામાં આવશે. આ ઉપરાંત જો આ ઉદ્યોગોના માલિક મહિલા, અનુસૂચિત જાતિ અને જનજાતિ હોય તો વધારાની ૧૦ ટકા સબસિડી મળશે. કલસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ નોંધાયેલા ઉદ્યોગોને ૫ ટકા અતિરિક્ત સબસિડી આપવામાં આવશે. ઝેડ સર્ટિફિશેનમાં જોડાણ થતાં રૂ. ૧૦ હજારનો પુરસ્કાર આપવામાં આવશે.

એમએસએમઈ મંત્રાલય દ્વારા ઝેડ સર્ટિફિકેશન માટે નાણાંકીય સહયોગ પણ આપશે. જેમાં ટેસ્ટિંટ, સિસ્ટમ અને પ્રોડક્ટના પ્રમાણીકરણ માટે નાણાકીય સહાય, ઉદ્યોગ સંચાલન માટે સહાય, ઝીરો ઈફેક્ટના સોલ્યુશન માટે અપગ્રેડ કરવાની થતી ટેક્નોલોજી ઉપર પણ સહાય કરવામાં આવશે. આ યોજના ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. ઝેડ યોજનાની વધુ વિગતો માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક કરી શકાય છે.

# શિયાળુ નહીં પણ ચોમાસું બેઠું હોય તેવા દશ્યો : સતત બીજા રવિવારે રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદે ખેડૂતોને રડાવ્યા

ગાંધીનગર, તા.૫

ગુજરાતના વાતાવરણને જાણે પનોતી લાગી હોય તેમ કમોસમી વરસાદ પીછો જ નથી છોડી રહ્યો. ગત રવિવાર બાદ આ રવિવારે પણ રાજ્યના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. શિયાળામાં ફરી માવઠાનો માર જોવા મળ્યો હતો. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. ખેડૂતોની હાલત હાલના વાતાવરણ પરિવર્તનને કારણે ઘણી કફોડી થઈ છે. અમદાવાદ સહિતના રાજ્યના ભાગોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. અમદાવાદમાં શનિવાર બાદ રવિવારે પણ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. અમદાવાદના કેટલાક ક્ષેત્રો ભરશિયાળે ગુજરાત રાજ્યના હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. ઘાતકી માવઠા બાદ સતત રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. જેના પગલે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. ત્યારે વિવિધ શહેરમાં કમોસમી વરસાદ શરૂ થયો છે. પંચમહાલના શહેરામાં કમોસમી વરસાદ પડ્યો છે. શહેરા પંથકમાં માવઠું પડ્યું હતું, તેમાં કમોસમી વરસાદને લઈ ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. તેમજ હવામાન વિભાગની આગાહી સામે આવી છે. જે પ્રમાણે હજુ આગામી બે દિવસ માવઠાનો માર સહન કરવો પડી શકે છે. હવામાન વિભાગ દ્વારા આગામી સમયમાં ગુજરાતના હવામાન અંગે આગાહી કરતાં અમુક વિસ્તારોમાં માવઠાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. પંચમહાલમાં કમોસમી વરસાદી માહોલ જામ્યો છે. રાત્રિના બાર વાગ્યા બાદ વરસાદ શરૂ થયો હતો. હાલના સમયમાં લગ્ન સહિતના અનેક શુભ પ્રસંગો છે, જેમાં લગ્ન કરવા જતા લોકોની ચિંતામાં વધારો થયો છે. વરસાદના કારણે મંડપ પણ પલળી જતા ખુશીના પ્રસંગમાં લોકોની ચિંતા વધી છે. તેમજ અરવલ્લીમાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે. તેમાં માલપુર, બાયડ, મેઘરજ, મોડાસામાં માવઠું પડ્યું છે. આસપાસના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ શરૂ થયો છે. તેમજ બટાકા, ચણા, દિવેલા, મકાઈના પાકોમાં નુકસાનની ભીતિ છે. તેમજ મહીસાગરમાં વહેલી સવારથી કમોસમી વરસાદ ખાનપુર, કડાણા, સંતરામપુર, વીરપુરમાં શરૂ થયો છે તથા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અંદાજિત ૧ ઈંચ વરસાદ ખાબક્યો છે, જેમાં પાક માટે ખેડૂતોને મોટું નુકસાન થાય તેવો ભય સતાવી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં પણ માવઠું ત્રાટક્યું છે. ભરૂચ, પાલેજ સહિતના વિસ્તારોમાં માવઠાને કારણે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. ભરૂચના જંબુસરમાં વાતાવરણમાં પલટો આવ્યો છે, જેમાં જંબુસર પંથક સહિત ગ્રામ્ય વિસ્તારમાં માવઠું પડ્યું છે. ત્યારે ભરૂચના કેટલાક વિસ્તારમાં પાણી ભરાયા છે. તેમાં કતોપોર બજાર વિસ્તારમાં પાણી ભરાયા છે તથા માવઠાને લઈ ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. કપાસ, તુવેર, મગ સહિતના પાકોને નુકસાનની ભીતિ છે. શહેરમાં જંબુસરના વાતાવરણમા પલટો આવતા ઝરમર વરસાદ શરૂ થયો છે. આગાહી મુજબ વરસાદી વાતાવરણ છે. તેમાં ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. તેમજ ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. જંબુસરના પંથક સહિત



ગ્રામ્ય વિસ્તાર કોરા ગામે પણ ઝરમર વરસાદની શરૂઆત થઈ છે. ખેડૂતોના ઊભા પાકને પણ નુકસાન થવાની ભીતિ છે. હાલ કપાસ, તુવેર, મગ સહિતના પાકોને નુકસાનની ભીતિ છે. અરવલ્લી જિલ્લામાં રાત્રિ દરમ્યાન એકાએક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. કેટલાક વિસ્તારોમાં તો જાણે કે શિયાળાને બદલે ચોમાસું જામ્યું હોય એવા દશ્યો જોવા મળ્યા હતા. ડાંગ, નવસારી, વલસાડ અને દમણમાં વરસાદની આગાહી છે. આ સાથે દાદરાનગર હવેલી, સૌરાષ્ટ્રના જૂનાગઢ અને ગીર-સોમનાથમાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ફરી રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. ત્યારે આગામી દિવસોમાં રાજ્યમાં છૂટાછવાયા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે દાહોદ, પંચમહાલ, ખેડા મહીસાગર, દક્ષિણ ગુજરાતનાં વડોદરા, ભરૂચ, નર્મદામાં વરસાદની આગાહી કરવામાં આવી છે.


### સુરતના સચિન વિસ્તારમાં આગની ભયાનક ઘટના મામલે

## એથર કંપનીને જીપીસીબીની ક્લોઝર નોટિસ : રૂા.૫૦ લાખનો દંડ ફટકારાયો

સુરત,તા.૫

સુરતના સચિન વિસ્તારમાં ગભેણી ખાતે આવેલી એથર ઈન્ડસ્ટ્રીઝની મુશ્કેલી વધી છે. ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી વિભાગના ક્લોઝર બાદ ગુજરાત પોલ્યુશન બોર્ડ દ્વારા ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી છે. આ સાથે જ પર્યાવરણને નુકસાન થવા બાદ એથરને ૫૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. બીજી તરફ ફેક્ટરી ઈન્સ્પેક્ટરની પ્રાથમિક તપાસમાં ટેટ્રાહાઈડ્રોફ્યુરન, સોલવન્ટ અને પાણી મિશ્રિત કેમિકલ ટાંકીમાંથી લિકેજ થયા બાદ કોઈપણ પ્રકારના જ્વલનશીલ પદાર્થના સંપર્કમાં આવતા આગ ફાટી નીકળી હતી. આગની આ ઘટનામાં કેમિકલ બનાવતા કોમ્પ્યૂટરાઈઝ્ડ ડેટાનું એનાલિસિસ મહત્ત્વનું સાબિત થશે. ગુજરાત પોલ્યુશન બોર્ડના અધિકારીઓએ એથર ઈન્ડસ્ટ્રીઝને ક્લોઝર નોટિસ ફટકારી હતી. તેમજ જીપીસીબીની મંજૂરી વગર ઉત્પાદન શરૂ નહીં કરવા ફરમાન જારી કરી દીધું હતું. આ ઉપરાંત પાંચ જેટલા રિપોર્ટ સબમિટ કરાવવા માટે પણ જણાવી દેવામાં આવ્યું હતું. આ ઉપરાંત આગની ગંભીર ઘટનાને કારણે પર્યાવરણને નુકસાન થતાં એથર કંપનીને ૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ઓનલાઈન માધ્યમથી ૫૦ લાખનો દંડ ભરી દેવા આદેશ પણ કરાયો છે. બીજી તરફ ફેક્ટરી ઈન્સ્પેક્ટર દ્વારા એથર કંપનીમાં સર્વે કરાયો હતો. તેમજ આગ લાગવા પાછળનું કારણ જાણવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ અંગે વિવિધ એજન્સીની મદદ પણ લેવામાં આવી રહી છે. આ દરમ્યાન કંપનીમાં ટેટ્રાહાઈડ્રોફ્યુરન, સોલવન્ટ અને પાણી મિશ્રિત કેમિકલ ટાંકીમાંથી લિકેજ બાદ આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે.


## PM મોદીએ જન ઔષધિ કેન્દ્રોની સંખ્યા વધારીને ૨૫,૦૦૦ કરવાની પહેલ શરૂ કરી



નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦ નવેમ્બરના રોજ દેવઘરના AIIMS ખાતે ૧૦,૦૦૦મા જન ઔષધિ કેન્દ્રનું અનાવરણ કર્યું હતું અને તેની સાથે તેમણે આવા કેન્દ્રોની સંખ્યા ૧૦,૦૦૦થી વધારીને ૨૫,૦૦૦ કરવાનું વચન પણ આપ્યું હતું. આ નિર્ણય દેશમાં આરોગ્ય સંભાળને વધુ સસ્તુ અને સુલભ બનાવવાના દ્રષ્ટિકોણને અનુરૂપ છે. જન ઔષધિ કેન્દ્ર એ એક ઝુંબેશ છે જે ફાર્માસ્યુટિકલ્સ વિભાગ દ્વારા સેન્ટ્રલ ફાર્મા જાહેર ક્ષેત્રના ઉપક્રમો સાથે મળીને લોકોને પોષણક્ષમ ભાવે દવાઓ વેચવા માટે શરૂ કરવામાં આવી છે. PM મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિકિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી. આ યોજના કેન્દ્ર સરકારની યોજનાઓ અને કાર્યક્રમો વિશે જાગૃતિ ફેલાવવા માટે રાષ્ટ્રવ્યાપી પહોંચ માટેની પહેલ છે. આ ચર્ચાનો હેતુ આવી કલ્યાણકારી યોજનાઓ અને લાભો વિશે જાગૃતિ લાવવાનો હતો. PMએ પ્રધાનમંત્રી મહિલા કિસાન ડ્રોન કેન્દ્ર શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. આ પહેલ આગામી ત્રણ વર્ષમાં મહિલા સ્વસહાય જૂથો (SHGs)ને ૧૫,૦૦૦ ડ્રોન પ્રદાન કરશે. આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલા સ્વ-સહાય જૂથોને આજીવિકા સહાય સાથે મદદ કરવાનો છે. મહિલાઓ કૃષિ સહાય માટે ખેડૂતોને ડ્રોન ભાડે આપી શકે છે.

## ભારતીય રેલ્વેએ આ વર્ષે નવી કવચ લાઈનની કામગીરી શરૂ કરી નથી : પર્ફોર્મન્સ રિપોર્ટ



નવી દિલ્હી, તા.૫

ભારતીય રેલવેના પર્ફોર્મન્સ હાઈલાઈટ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે રેલવેએ આ વર્ષે ઓક્ટોબર સુધી તેની સુરક્ષા સિસ્ટમ કવચ સાથે કોઈ નવી લાઈન શરૂ કરી નથી. ધ હિંદુ બિઝનેસ લાઈનના જણાવ્યા અનુસાર ગયા વર્ષે એપ્રિલ-ઓક્ટોબરના સમયગાળામાં આવી ૧૦ કિમી લાઈન કાર્યરત કરવામાં આવી હતી. કવચની કામગીરી ૩૧ ઓક્ટોબર સુધીમાં શૂન્ય છે, આ સમાન સમયગાળા દરમ્યાન ગયા નાણાકીય વર્ષમાં ૧૦ કિમી સાથે અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ સુધીના ૬૩૭ કિમીના લક્ષ્યની સામે કોઈ કામગીરી કરવામાં આવી નથી. કવચ એ રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (RDSO) દ્વારા બનાવવામાં આવેલ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) સિસ્ટમ છે. આ કવચ હેઠળ કોઈ લાઈનો ચાલુ કરવામાં આવી ન હતી, ત્યારે નવી લાઈન સેટઅપ ૧૮૬.૬૫ કિમી થઈ હતી, આ લાઈનોનું ડબલિંગ ૧૦૧૯.૬૯ કિમી થયું હતું અને ગેજ કન્વર્ઝન (નેરોથી બ્રોડગેજ) ૯૬ કિમીનું થયું હતું. ઓક્ટોબરના અંત સુધી ૧૩૦૨.૩૪ કિમીનું સંચિત કવર કરવામાં આવ્યું હતું, જે ગયા વર્ષની સરખામણીમાં ઓછામાં ઓછું ૨૫ ટકા ઓછું હતું. આ શ્રેણીઓમાં ૧૭૨૮.૫૫ કિમી (જેમાં ૫૨.૮ કિમીની નવી લાઈન નાખવાની, ૧૦૨ કિમીમાં ગેજ કન્વર્ઝન અને ડબલનો સમાવેશ થાય છે તેની સામે ૧૫૭૩.૭૫ કિમી કામ થયું છે. તે જ સમયગાળા દરમ્યાન આ ખાતા ઉપર વધારાના ખર્ચ અને ઓછા કમિશન ચિંતાનું કારણ છે. આ જ અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ૨૦૨૧-૨૨માં ભારતીય રેલ્વેના નેટવર્કમાં અગાઉના વર્ષની સરખામણીમાં પરિણામી અકસ્માતોમાં વધારો થયો છે. સત્તાવાર માહિતી અનુસાર, ૨૦૨૧-૨૨માં ટ્રેન દુર્ઘટનામાં નવના મોત થયા હતા અને ૪૫ ઘાયલ થયા હતા. ૨૦૨૦-૨૧માં કોઈ જાનહાનિ કે ઈજાઓ નોંધાઈ નથી.


## યુવાઓમાં વધતી હાર્ટ એટેકની ઘટનાઓને પગલે પોલીસ બાદ હવે રાજ્યના ૮૭ હજારથી વધુ શિક્ષકોને CPRની તાલીમ આપવામાં આવી

અમદાવાદ, તા.૫

હાલ યુવા વયે હાર્ટ એટેક આવવાના કિસ્સાઓ વધી રહ્યા છે. તેમાં પણ છેલ્લા કેટલાક સમયથી એવી પણ ઘટનાઓ બની છે જેમાં બાળ અને કિશોર વયના લોકોના પણ હૃદય અચાનક બંધ પડી જવાથી મોત થઈ રહ્યા છે. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. ત્યારે રવિવારે એક ખાસ પ્રશિક્ષણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (સીપીઆર)ની તાલીમ આપવામાં આવી હતી. યુવાઓમાં વધતી હાર્ટ એટેકની ઘટનાઓને પગલે પોલીસ બાદ હવે રાજ્યના ૮૭ હજારથી વધુ શિક્ષકોને સીપીઆરની તાલીમ આપવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં ૩૭ મેડિકલ કોલેજ અને ૧૪ અન્ય સ્થળોએ ૨૫૦૦થી વધુ ડોક્ટરો દ્વારા તાલીમ અપાઈ હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ ખાતે શિક્ષકોને CPR તાલીમ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરી પોલીસને CPRથી તાલીમબદ્ધ કર્યા બાદ હવે રાજ્યના શિક્ષકોને માસ CPR તાલીમ આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે. શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સલામતીને ધ્યાને રાખી રાજ્યની તમામ સરકારી તથા અનુદાનિત શાળાઓ મળી કેજીથી પીજી સુધીના ૮૭,૦૦૦ હજારથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મોનરી રિસુસિટેશન-CPR તાલીમ આપવામાં આપવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાં એક સાથે ૩૭ મેડિકલ કોલેજ અને અન્ય ૧૪ સ્થળોએ ૨૫૦૦થી વધુ ડોક્ટર્સ દ્વારા રાજ્યના ૮૭ હજારથી વધુ શિક્ષકોને કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન-CPRની તાલીમ આપવામાં આવી હતી. અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજ ખાતે અમદાવાદ સ્કૂલ બોર્ડના ૫૦૦ શિક્ષકો તેમજ અમદાવાદ ગામ્યના ૨૫૦ એમ થઈને કુલ ૭૫૦થી વધુ શિક્ષકોએ તાલીમ લીધી હતી. અમદાવાદ બી.જે. મેડિકલ કોલેજ ખાતે આયોજિત કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન-CPRની તાલીમ કાર્યક્રમમાં શિક્ષકોને સંબોધતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, સામાન્ય રીતે હાર્ટ એટેકના કિસ્સામાં પાંચથી ૧૦ મિનિટના 'ગોલ્ડન અવર્સ'માં જો દર્દીને પ્રાથમિક સારવાર મળી રહે તો તેનો જીવ બચી શકે છે ત્યારે આ અંગેની જાગૃતિ લાવવા માટે રાજ્ય સરકાર, ભારતીય જનતા પાર્ટી તેમજ ડોક્ટર સેલ દ્વારા CPR તાલીમ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, હૃદય રોગના હુમલાથી નાની વયે મૃત્યુ થવાના કિસ્સાઓ સામે આવતા માનવીની મહામૂલી જિંદગી બચાવવામાં રાજ્યના પોલીસ જવાનો બાદ હવે રાજ્યના શિક્ષકો પણ મદદરૂપ બને તેવા શુભ આશયથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ તાલીમ આપવાનું નક્કી કરાયું હતું. તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરાયા છે, જેમાં સીપીઆર એક એવી ટેક્નિક છે, જેનાથી શરૂઆતી પાંચથી ૧૦ મિનિટમાં વ્યક્તિનો અમૂલ્ય જીવ બચાવી શકાય છે. સરકાર દ્વારા છેલ્લા કેટલાક મહિનાથી સમાજ અને લોકો માટે કંઈક કરી છૂટવાની હકારાત્મક ભાવના સાથે વિવિધ સ્થળો ખાતે સીપીઆરની તાલીમનું આયોજન થઈ રહ્યું છે. સીપીઆર તાલીમ સમાજ અને પરિવાર માટે આશીર્વાદ સમાન છે. આ તાલીમ અંગે તમામ લોકોમાં જાગૃતિ આવે તે જરૂરી છે. શિક્ષકોના શિરે બાળકોના ભવિષ્યના નિર્માણની સાથે-સાથે હવે અમૂલ્ય જિંદગી બચાવવાના ભગીરથ કાર્યથી સશક્ત રાષ્ટ્રનું નિર્માણ થશે એવો વિશ્વાસ આરોગ્ય મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

### એનર્જી અંગેની કોન્ફરન્સમાં કેન્દ્રીય ઊર્જામંત્રી આર.કે. સિંહે ગુજરાતની કરી સરાહના

# પરંપરાગત ઊર્જા એ ભારતનું ભાવિ : ગુજરાત ઊર્જા ઉત્પાદનમાં દેશનું નેતૃત્વ લેવા સક્ષમ




ગાંધીનગર,તા.૫

પરંપરાગત ઊર્જા એ ભારતનું ભાવિ છે, જેમાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. વિશાળ રણ અને સૌથી મોટો સમુદ્ર કિનારો ધરાવતું ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ભારતનું નેતૃત્વ લેવા સક્ષમ છે. હાલમાં પણ રીન્યુએબલ એનર્જી એટલે કે સોલાર, વિન્ડ અને ઓફ શોર એનર્જી ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. ભારતમાં સોલાર, ગ્રીન એનર્જી, ગ્રીન હાઈડ્રોજન જેવી પરંપરાગત ઊર્જા ક્ષેત્રે રોકાણની ભરપૂર તકોની સાથે સાથે મોટા પ્રમાણમાં રોજગારી પણ ઉપલબ્ધ થઈ શકે તેવી પુરી સંભાવના રહેલી છે તેમ ગાંધીનગર ખાતે કેન્દ્રીય ઉર્જા મંત્રી આર.કે.સિંહ જણાવ્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૪ અંતર્ગત હોટલ લીલા ગાંધીનગર ખાતે થયેલ કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રી આર.કે.સિંહે ગુજરાત સરકારે રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે કરેલી કામગીરીની સરાહના કરતાં કહ્યું હતું કે, ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે વર્ષ ૨૦૩૦ પહેલા જ પોતાનું લક્ષ્યાંક પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યું છે. ભારત પણ વર્ષ ૨૦૭૦ સુધીનો નેટઝીરોનો વૈશ્વિક લક્ષ્યાંક વર્ષ ૨૦૪૭ સુધીમાં હાંસલ કરે તેવો ૨૦૩૦ સુધીમાં ઊર્જા ઉત્પાદન ડબલ કરવાના ગોલ સાથે આગળ વધી રહ્યું છે. આ માટે ઊર્જા સ્ટોરેજ ક્ષમતા, ઉત્પાદન, સપ્લાય ચેઈન સહિતની ક્ષમતા વધારવાની દિશામાં રોકાણ-સંશોધન કરવું પડશે. વિકસિત દેશોમાં પ્રતિ વ્યક્તિ એમિશનનું પ્રમાણ ગ્લોબલ એવરેજ કરતા ૪૦ થી ૫૦ ટકા વધારે છે જ્યારે ભારતમાં આ પ્રમાણ માત્ર ૨.૫ ટકાની આસપાસ છે જે ભારતની વર્ષ ૨૦૪૭ સુધીમાં જ નેટ ઝીરોની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ગોલ હાંસલ કરવા માટે આપણે સૌએ આ બે દિવસની કોન્ફરન્સમાં વધુ સચોટ નીતિ ઘડવી પડશે. તેમ જણાવ્યું હતું. રાજયના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, 'ભારતમાં એનર્જી ટ્રાન્ઝિશન' ઉપર કેન્દ્રિત આ કોક્લેવ ક્લીન એન્ડ ગ્રીન એનર્જી તરફનું નક્કર પગલું સાબિત થશે. એટલું જ નહિ, ભારતમાં ઊર્જા ક્ષેત્રે આવેલા મહત્વપૂર્ણ બદલાવ તેમજ વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઊર્જા ઉત્સર્જન અને ડીકાર્બોનાઈઝેશનની દિશામાં તૈયાર કરવામાં આવેલા ખાસ વ્યૂહાત્મક રોડમેપ અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવા આ બે દિવસીય કોક્લેવ મહત્વનું પ્લેટફોર્મ પૂરૂ પાડશે. ગુજરાતની રિન્યુએબલ કેપેસિટી ૨૦ વર્ષમાં 0.01 GW થી વધીને 22.5 GW થઈ છે જે ભારતની રીન્યુએબલ એનર્જી બાસ્કેટમાં ૧૫ ટકા જેટલો ફાળો આપે છે. એમ જણાવતા કહ્યું હતું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવોટનું લક્ષ્ય હાંસલ કરવાના વડાપ્રધાનના લક્ષ્યને ધ્યાને રાખી ગુજરાત સરકારે અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધર્યા છે. જેના પરિણામ સ્વરૂપે આજે ભારતમાં માથાદીઠ વપરાશ ૧૨૫૫ યુનિટ છે જ્યારે ગુજરાતમાં ૨૨૮૩ યુનિટ છે. નીતિ આયોગ સ્ટેટ એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્સ ૨૦૨૨માં ગુજરાત પ્રથમ ક્રમે છે. સ્થાપિત ક્ષમતા ધરાવતા તમામ રાજ્યોમાં ગુજરાત કુલ સ્થાપિત ક્ષમતામાં પ્રથમ ક્રમે છે. સ્થાપિત ક્ષમતા સાથે રીન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં તમામ રાજ્યોમાં 22.5 GWની સામે ગુજરાત આશરે 48.5 GW સાથે બીજા ક્રમે છે. એટલું જ નહિ, અંદાજે 11 GW સ્થાપિત ક્ષમતા સાથે ગુજરાત પવન ઊર્જામાં પ્રથમ ક્રમે છે. આશરે ૧૦.૪ ગીગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે સૌર ઊર્જામાં ગુજરાત બીજા ક્રમે છે. ગુજરાત પોતાની ઉર્જા જરૂરિયાતો રીન્યુએબલ એનર્જી દ્વારા પૂરી કરવા માટે પ્રતિબદ્ધ છે, જે અંતર્ગત ગુજરાત ૨૦૩૦ સુધીમાં ૮ ગીગાવોટ ઊર્જા સંગ્રહ અને ૨ ગીગાવોટ ઓફશોર પાવરનું આયોજન કરી રહ્યું છે. ગુજરાત પવન અને સૌર નબળા ઉત્પાદનના ગુણને પૂરક બનાવવા માટે પંપ હાઈડ્રો એટલે કે ૩૨.૩ ગીગાવોટની સંભવિતતા, ઊર્જા સંગ્રહ અને ઓફ-શોર પવન તકનીકોની પણ શોધ કરી રહ્યું છે તેમ જણાવતા તેમણે જણાવ્યું કે ગુજરાતને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન અને નિકાસ માટે હબ બનાવવા માટે રાજ્ય સરકારે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે પાવર સપ્લાય કરવા માટે રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સના વિકાસ માટે જમીન નીતિ ૨૦૨૩ જાહેર કરી છે અને વિકાસકર્તાઓને ફાળવણી માટે ૧.૯૯ લાખ હેક્ટર જમીન નિર્ધારિત પણ કરી છે. કેન્દ્રીય પાવર, ન્યુ એન્ડ રીન્યુબલ એનર્જી મંત્રાલયના સચિવ ભૂપેન્દ્રસિંધ ભલ્લાએ જણાવ્યું હતું કે, ક્લાયમેટ ચેન્જની સમસ્યાના હલ માટે ભારત સહિત વૈશ્વિક નેતાઓની ઉપસ્થિતિમાં હાલમાં દુબઈ ખાતે COP -28 કોન્ફરન્સ યોજાઈ રહી છે ત્યારે આ બે દિવસીય કોન્ફરન્સ ગુજરાત અને ભારતમાં પરંપરાગત ઊર્જા ક્ષેત્રે ઉત્પાદનની નવી તકો ઉપલબ્ધ કરાવશે. ભારતમાં પરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે સપ્લાય ચેઈન એનર્જી સ્ટોરેજ સિસ્ટમ વધુ મજબૂત બનાવવી પડશે તેમ તેમણે ઉમેર્યું હતું. સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સીએમડી આર.પી ગુપ્તાએ કહ્યું હતું કે, હાલમાં દુબઈ ખાતે યોજાઈ રહેલી COP- 28 કોન્ફરન્સમાં પણ ભારતની ભૂમિકા અગત્યની છે. પેરીસ સંધિ મુજબ વર્ષ ૨૦૭૦ના નેટ ઝીરોના લક્ષ્યાંકને સમય પહેલાં હાંસલ કરવા ગુજરાત અને ભારત સરકાર કટિબદ્ધ છે.

ગુજરાત ઊર્જા વિભાગના અગ્ર સચિવ મમતા વર્માએ કહ્યું હતું કે, ગુજરાત સરકારે પરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષેત્રે ખૂબ જ નવા નવા આયામો શરૂ કર્યા છે જેના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૭૦ના નેટ ઝીરોનો લક્ષ્યાંક વર્ષ ૨૦૩૦ પહેલાં જ હાંસલ કરવાની દિશામાં રાજ્ય આગળ વધી રહ્યું છે

## સોમનાથ મંદિર અતિથીગૃહો અને
# સોમનાથ આવતા યાત્રિકો સાથે ઓનલાઈન રૂમ બુકીંગ કરતી ઠગ ટોળકી હજુ સક્રિય છે!

વેરાવળ તા. ૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે પ્રતિ વર્ષ એક કરોડ ઉપરાંત યાત્રિકો-પ્રવાસીઓ આવતા રહે છે. પોતાની યાત્રા સુખરૂપ અને નિવાસી વ્યવસ્થા નિશ્ચિત બને તે માટે સોમનાથ ટ્રસ્ટના અતિથીગૃહો અગર શહેરના ખાનગી અતિથીગૃહોમાં સોમનાથ મંદિરની બનાવટી વેબસાઈટ ઉભી કરી ઠગ ટોળકી યાત્રિકોને હજુયે ઠગી અને લાખો રૂપિયા ગપચાવી લે છે.

તેઓ જયારે સોમનાથ આવે છે ત્યારે ટ્રસ્ટના કે ખાનગી ગેસ્ટ હાઉસના રીસેપ્સનીસ્ટ કાઉન્ટર ઉપર તે રસીદ દેખાડી રૂમની ચાવી લેવાજાય છે ત્યારે જ ખબર પડે છે કે ટ્રસ્ટમાં કે ખાનગી ગેસ્ટહાઉસના ખાતામાં તેઓએ જમાં કરાવેલી રકમ જમાં થઈ જ નથી અને સાયબર ફ્રોડ થયો છે.

યાત્રિક પ્રવાસીઓ વધુ ઝંઝટમાં પડવા ન માંગતા હોય ટ્રસ્ટને કે ખાનગી ગેસ્ટહાઉસને અરજી કે મૌખિક ફરીયાદ કરી સંતોષ માને છે. અને તે રૂપિયા તો ગયા પણ હવે અહીં નવો ચાર્જ ભરવો પડે છે. જીલ્લા પોલીસ તંત્ર અને સાયબર ક્રાઈમ ફ્રોડ વિભાગ આ ટોળકીને અસરકારક કાનુની સકંજામાં લઈ બોધપાઠરૂપ સજા અપાય તેવી કાનુની કાર્યવાહી કરી શોધખોળ કરી પગલા લેવા જોઈએ. આ વર્ષે દિવાળીના વેકેશનમાં અને આજે પણ આવી ઘટના બનતી જ રહે છે.

# ઉનાના ડોકટર તથા વેપારીઓએ સોમનાથની સાયકલ યાત્રા કરી



ઉના તા. ૫

ઊના શહેરમાં ઈ.એન.ટી. સર્જન ડોકટર તરીકે ફરજ બજાવતા ડો. હાર્દિક મેઘજીભાઈ ચારણીયા તેમજ જુદા જુદા વ્યવસાય સાથે સંકળાયેલ તેમના મિત્રો કૌશલ પારેખ, વીરેન્દ્ર સિકોતરિયા, હરપાલ સિંગ, મૃગનક પટણી, હરકિશનભાઈ રાઠોડ, રવિભાઈ ઝંનકાટએ દેશના પ્રથમ જયોર્તિલીંગ સોમનાથ મહાદર્તની યાત્રાએ સાયકલ ઉપર ઊનાથી વહેલી સવારે નીકળી સોમનાથ મહાદેવના મંદિરે પહોંચી વિશ્વના જીવ માત્રના કલ્યાણ માટે પૂજા અને અર્ચના કરી હતી અને સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી હતી. ૧૫૦ કિલોમીટર જેટલો સાયકલ પ્રવાસ એક જ દિવસમાં પૂર્ણ કરી પરત ઉના આવતા તેમના પરિવાર અને મિત્રોએ તેમનું સ્વાગત ફૂલહારથી કરેલ હતું.

## લોઢવા ગામના પાનના ગલ્લાના માલીકની પ્રમાણિકતા



(ભોળા જાદવ દ્વારા) લોઢવા તા. ૫

લોઢવા ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ અર્જુન ડીલકસ પાનની દુકાનના માલિક સોલંકી વિજયભાઈ નથુભાઈ પોતાની દુકાન પાસે સાફ સફાઈ સવારના કરતા હતા ત્યારે તેમને એક પાકિટ મળેલ હતું. પાકિટમાં જોતા તેમાં રોકડ રકમ તથા પાનકાર્ડ, આધારકાર્ડ, એટીએમ કાર્ડ સહિતના ઓરીજીનલ ડોકયુમેન્ટ હતા તેથી ડોકયુમેન્ટમાં નામ જોતા લોઢવા ગામના નરેશ દેવાત ભોળાનું જોવા મળતા તેમને ફોન કરીને બોલાવી તેમનું પાકિટ પરત આપી પ્રમાણિકતાનું ઉદાહરણ આપ્યું છે.

## ૧૧ ડીસેમ્બરે એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વર ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાશે

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૫

ભારત સરકાર દ્વારા દર વર્ષે અનેકવિધ આયોજન કરવામાં આવે છે. જેમાં રમત ગમત ક્ષેત્રે બાળકો આગળ વધી દેશનું નામ રોશન કરે એવી ઉમદા ભાવના હોય છે. એવી જ રીતે બાળકોની આંતરીક કલા બહાર આવે અને સમાજને ઉપયોગી થાય એ માટે કલા મહાકુંભનું પણ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ગીરગઢડા તાલુકા કક્ષા કલા મહાકુંભ ૧૧ ડીસેમ્બર સોમવારે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય દ્રોણેશ્વર મુકામે યોજાશે.

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ગીર સોમનાથ સંચાલિત ગીર ગઢડા તાલુકા કલા મહાકુંભ - ૨૦૨૩ તારીખ ૧૧-૧૨-૨૦૨૩ સોમવારે સવારે ૯:૦૦ વાગ્યાથી પ્રારંભ થશે એમ તાલુકા કક્ષા મહાકુંભ સમિતિની યાદીમાં જણાવેલ છે.

# બિલખાના હોમગાર્ડઝ જવાનોએ આગામી ૬ ડીસેમ્બરે આવતા હોમગાર્ડઝ ડે અંતર્ગત સ્મશાનમાં સફાઈ કરી

## પંચાયતની બેદરકારીના કારણે કચરાના ઢગલા થયા હતા

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૫



આગામી તા.૬ ડીસેમ્બરે હોમગાર્ડઝ ડે આવી રહયો છે. જેની ઉજવણીના ભાગરૂપે બિલખા હોમગાર્ડઝ કમાન્ડર અતુલભાઈ એન. વ્યાસ (એડવોકેટ) અને તેમની ટીમ દ્વારા તા. ૩ ડીસેમ્બરથી વિવિધ સામાજીક સેવા કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે ગઈકાલે હોમગાર્ડઝ જવાનોએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્મશાનમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી અને સ્મશાનને એકદમ સ્વચ્છ બનાવી લોકોના દિલ જીતી લીધા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, બિલખા પંચાયતની નબળી કામગીરીને કારણે છાશવારે બિલખામાં કચરાના ઢગલા ખડકાય જાય છે. એમાંય ખાસ કરીને છેલ્લા ઘણા સમયથી પંચાયત દ્વારા સ્મશાનમાં સફાઈ કરવામાં આવેલ ન હોય લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

# ઉનામાં ઘોડી-પાસાનો જુગાર રમતા આઠ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૫

ઊના શહેરમાં ઘોડી પાસાનો જુગાર રમાતો હોવાની બાતમી ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચને મળતા પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. ઈશરાણી, પી.એસ.આઈ. વી.કે. ઝાલા પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, પ્રફુલભાઈ વાઢેર, રાજુભાઈ ગઢીયા, જયરાજ સિહ ગોહિલ, પોલીસ કોન્સ્ટેબલ સંદીપસિંહ ઝણકાટ વિગેરેએ રેડ કરતા ઘોડી પાસાનો રૂપિયાની હાર-જીતનો જુગાર રમતા અલ્તાફ અબ્દુલ રહેમાન સિપાઈ, અયુબ આમદ કુરેશી, અહેમદ હુશેન વાયેદ, અલીભાઈ નકવી, રિયાઝ ફારૂક ચૌહાણ, અબ્બાસ અવેસ, અબ્દુલ અઝીઝ જાફર, રજાક મોગલ સંધી રે.ઊનાવાળાને રોકડ રૂપિયા ૧૬૪૬૦ અને ઘોડી પાસા નંગ બે સાથે પકડી ઊના પોલીસ સ્ટેશને લાવી ગુનો નોંધી વધુ તપાસ માટે ઊના પોલીસને સોંપી દેવામાં આવેલ હતા. આ બનાવ અંગે ઉના પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

**ગાંગડા ગામે જાહેરમાં જુગાર રમતા ઝડપાયા**

ઊના તાલુકાના ગાંગડા ગામે ખુલ્લા પ્લોટમાં જાહેરમાં જુગાર રમતા નરેશ ધીરૂ ગોહિલ, જુલેશ કાળુ જેઠવા, મહેશ ડાયા પરમાર, અમીન અલ્લારખા, મનું હામાં સાખટ રે. તમામ ગાંગડા તા.ઊના વાળાઓને જાહેરમાં તીનપત્તીનો રૂપિયા ની હાર જીત નો જુગાર રમતા રોકડા રૂા. ૨૩૦૯૫ સાથે ઊના પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ સ્કવોડના પી.એસ.આઈ .સી.બી. જાડેજા, એ.એસ.આઈ.ધર્મેન્દ્ર માનસિંહ પરમાર, પો.કો. કનુભાઈ નાજાભાઈ વાઢેર, વિજયભાઈ હાજાભાઈ રામએ પકડી લઈ ઊના પોલીસ સ્ટેશને લાવી ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

## જૂનાગઢમાં સીપીએમના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લેતા પોલીટ બ્યુરોના સભ્ય



જૂનાગઢ તા. ૫

જૂનાગઢ સીપીએમ કાર્યાલય ખાતે ભારત કિશાન સભાના પ્રમુખ (કિશાન આંદોલનના મુખ્ય નેતા) અને પોલીટ બ્યુરોના સભ્ય ડો.અશોક ધવલે અને સીપીએમના કેન્દ્રીય મંત્રી મંડળના સભ્ય ડો.મુરલીધરનએ જીલ્લા કાર્યાલયની મુલાકાત લીધી હતી. આ તકે સીપીએમનાગુજરાતન મહામંત્રી એચ.આઈ. ભટ્ટ, એસએફઆઈ ગુજરાતના નિતીશ મોહન કાર્યાલય ખાતે આવેલ હતા તેમનું સ્વાગત જૂનાગઢના બટુકભાઈ મકવાણા, જીસાન હાલેપોત્રા, બશીરૂદીન અન્સારી, મુન્નાબાપુ કાદરી, પરેશ વાઘેલા તથા કાદુભાઈએ સ્વાગત કરેલ હતું તેમ એક યાદીમાં જણાવેલ છે.

# પીએન્ડજી હેલ્થનો '૧૨ કા નારા' FOGSIના સહયોગથી અમદાવાદ અને મુંબઈમાં આયર્ન ડેફિસિયન્સી એનિમિયા અંગે જાગરૂકતા ફેલાવશે

**આયર્ન ડેફિસિયન્સી એનિમિયા (આઈડીએ) એ ભારતીય મહિલાઓ અને બાળકોમાં સૌથી વધુ જોવા મળતી પોષણની ઉણપો પૈકીની એક છે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૫

આયર્ન ડેફિસિયન્સી ડે નિમિત્તે પીએન્ડજી હેલ્થ દ્વારા આયર્ન ડેફિસિયન્સી એનિમિયા (આઈડીએ) નિવારણ, સારવાર અને સંભાળ અંગે જાગરુકતા ફેલાવવા માટે AOGS (મુંબઈ ઓબસ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજીકલ સોસાયટી) તથા MOGS (અમદાવાદ ઓબસ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજીકલ સોસાયટી), ફેડરેશન ઓફ ઓબસ્ટેટ્રિક એન્ડ ગાયનેકોલોજીકલ સોસાયટીસ ઓફ ઈન્ડિયા (FOGSI)ના સ્ટેટ ચેપ્ટરના સહયોગથી '૧૨ કા નારા' અભિયાનના લોન્ચિંગની જાહેરાત કરાઈ હતી.

પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મિલિન્દ થટ્ટેએ જણાવ્યું હતું કે, આયર્ન ડેફિસિયન્સી એનિમિયા (આઈડીએ) એ ભારતીય મહિલાઓ અને બાળકોમાં સૌથી વધુ જોવા મળતી પોષણની ઉણપો પૈકીની એક છે, જે શારીરિક વૃદ્ધિ અને વિકાસ પર નકારાત્મક અસર પેદા કરે છે અને ભવિષ્યમાં નબળી સંતતિ તરફ દોરી જાય છે. પીએન્ડજી હેલ્થ લિવોજીન આયર્ન ડેફિસિયન્સી એનિમિયા અંગે જાગૃતિ ફેલાવવા માટે હેલ્થકેર ઓર્ગેનાઈઝેશન્સ સાથે મળીને વિવિધ પહેલ હાથ ધરે છે, જેમાં ચાલુ વર્ષે ભારતના ઉત્તર, પૂર્વ અને દક્ષિણના શહેરોમાં 'ના ના એનિમિયા બસ યાત્રા'ના આયોજન સહિતનો સમાવેશ થાય છે.

આયર્ન ડેફિસિયન્સી ડેની ઉજવણી કરવા માટે FOGSI સાથે ફરી એક વખત જોડાઈને અમે આનંદ અનુભવી રહ્યાં છીએ, જેમાં '૧૨ કા નારા' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે મુંબઈ અને અમદાવાદના શહેરી સમુદાયોમાં શરૂ કરવામાં આવ્યું છે. મહિલાઓ માટે હિમોગ્લોબિનનું શ્રેષ્ઠ સ્તર ૧૨ હોવાને કારણે '૧૨ કા નારા'નો હેતુ, મહિલાઓ, ખાસ કરીને પછાત સમુદાયોની મહિલાઓમાં આયર્ન ડેફિસિયન્સી એનિમિયાના પ્રારંભિક લક્ષણોને ઓળખવા અને સમયસર સારવાર લેવા માટે સશકત બનાવવાનો છે." '૧૨ કા નારા' માં આઈડીએ સામે લડવા માટે નુક્કડ નાટકો (શેરી નાટકો) મહિલાઓને માહિતી આપતા ગાયનેકોલોજિસ્ટ્સ સાથે મહિલા સભાની બેઠકો અને સામુદાયિક કાર્યક્રમો દ્વારા મુંબઈ અને અમદાવાદમાં પાયાના સ્તરે જાગૃતિ લાવવાના વ્યાપક સામૂહિક પ્રયાસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, નિઃશુલ્ક સ્ક્રિનિંગ કેમ્પ દ્વારા ગાયનેકોલોજિસ્ટ્સ સાથે નિઃશુલ્ક પરામર્શ સાથે વ્યાપક એનિમિયા પરીક્ષણની સુવિધા આપવામાં આવશે. શિબિરમાં ઉપસ્થિત ડોકટરો પોષણ અંગે સૂચનો અને તેની સંભાળ અને નિવારણ અંગે માર્ગદર્શન પણ પ્રદાન કરશે. જનરલ પ્રેક્ટિશનર્સ, ફાર્માસિસ્ટ્સ અને અન્ય એચસીપી સાથે આઈડીએની સારવાર અને વ્યવસ્થાપન પર ડોકટર ગ્રુપ મીટિંગ્સ જેવા વૈજ્ઞાનિક શિક્ષણ કાર્યક્રમોની સાથે સાથે, આ ઝુંબેશનો ઉદ્દેશ અંદાજે ૧.૫ લાખ મહિલાઓ અને ૮૦૦૦૦ થી વધુ એચસીપી અને ફાર્માસિસ્ટ સુધી પહોંચવાનો છે. MOGS પ્રમુખ ડો.અનાહિતા ચૌહાણે ઉમેર્યું હતું કે, "સમયસર નિદાન એ આયર્ન ડેફિસિયન્સી એનિમિયાની સારવાર માટે અત્યંત મહત્વની બાબત છે. સમતોલ આહાર, આવશ્યક્તા હોય ત્યારે યોગ્ય સપ્લિમેન્ટેશન અને નિયમિત આરોગ્ય તપાસ દ્વારા આયર્નના તંદુરસ્ત સ્તરને જાળવી રાખવાના મહત્ત્વને સમજવું હિતાવહ છે. '૧૨ કા નારા' પહેલ આ દિશામાં સક્રિય પ્રયાસ છે."

AOGS પ્રમુખ ડો.મુકેશ સાવલિયાએ જણાવ્યું હતું કે, "૧૨ કા નારા અભિયાનથી મહિલાઓને આ સમસ્યાના વ્યાપ વિશે મૂલ્યવાન સમજ મળશે એટલું જ નહીં, પરંતુ તેમને સમયસર સારવાર લેવાની તક પણ મળશે. હું મારા સાથી ડૉ. જયદીપ ટાંક, પ્રેસિડેન્ટ-ઈલેક્ટ, એફઓજીએસઆઈ અને તેમના સહયોગીઓનો, પીએન્ડજી હેલ્થ ટીમ સાથે મળીને આ ખૂબ જ જરૂરી જાગૃતિ પ્રયાસના પ્રારંભ અને અમલ કરવા બદલ આભાર માનું છું."

# સોમનાથમાં બિરાજમાન છે કાલ ભૈરવ સ્થાનકો, આજે તા.૫ ડીસેમ્બોર કાલભૈરવ જયંતિ



વેરાવળ તા. ૫

સોમનાથ-પ્રભાસ પાટણમાં કાલભૈરવના પ્રાચીન સ્થાનકો છે. પ્રભાસ પાટણમાં પાટચકલા ખાતે દક્ષિણ તરફથી દિવાલ ઉપર કાલ ભૈરવનું સ્થાનક છે. તેવી જ રીતે પ્રભાસના ત્રિવેણી સંગમ ખાતે આવેલ સ્મશાન ગૃહ પાસેના મહાકાલી મંદિરે પણ કાલભૈરવનું સ્થાનક છે. આ ઉપરાંત પ્રતિવર્ષ હોળી, ધૂળેટીના તહેવારોમાં શ્રધ્ધાળુઓ પ્રભાસ પાટણ, પાટચકલા, રામરાખ ચોક અને વેરાવળ ખાતે બે દિવસ પુરતી કાલભૈરવની પ્રતિમા બનાવાય છે જેના પૂજન-દર્શન, આસ્થા, માનતા રખાય છે. તો જૂનાગઢના બહાઉદીન કોલેજ પાસેના રેલ્વે ફાટક પાસે પણ ૧૦૦ વર્ષ ઉપરાંતનું કાલ ભૈરવ મંદિર આવેલ છે. પ્રભાસમાં કાલભૈરવ સ્થાનકોએ હોમ-હવન, પ્રસાદ, વિશેષ પૂજાના કાર્યક્રમો યોજાય છે.

## UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત
# અભિવ્યક્તિ – ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિના મંચ ઉપર કલાકારો નૃત્ય પ્રદર્શન દ્વારા ભાવનાત્મક સંવેદનશીલતા જાગૃત કરે છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૫

લોક કવિતાઓ, ભારતીય શાસ્ત્રીય સંગીત અને થિયેટર પર્ફોર્મન્સ સાથે શાસ્ત્રીય અને આધુનિક નૃત્યના મનમોહક પ્રદર્શને કલા પ્રશંસકો માટે સોમવારની સાંજ પ્રેરણાદાયી અને પરિપૂર્ણ બનાવી દીધી હતી. ટોરેન્ટ ગ્રુપના UNM ફાઉન્ડેશન આયોજીત ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫મી આવૃત્તિ એક બાજુ માનવીય લાગણીઓને ઝંઝોડી રહી છે, બીજી બાજુ શિક્ષણ અને આપણા બાળકોના ભવિષ્ય જેવા કેટલાક મહત્વના મુદ્દાઓ પર સમાજને ચિંતન કરવા મજબુર કરી રહી છે.

સંગીત પ્રત્યે પોતાના અનન્ય દ્રષ્ટિકોણ સાથે આરજવી શાહે એક નૃત્યાંગનાના શરીર પર સંગીતની ઊંડી અસર દર્શાવતું આકર્ષક નૃત્ય પ્રદર્શન "મ્યુઝિક ઈન મોશન" રજુ કર્યુ, સંગીત સાથે માનવીય લાગણીઓને અભિવ્યકત કરવા માટે આરજવી શાહે પોતાની કલાત્મક અભિવ્યક્તિ અને હાથની ગતિવિધોથી દર્શકોને પોતાના અભિનયની પ્રશંસા કરવા મજબુર કરી દીધા હતા. આરજવી શાહ એક નૃત્યાંગનાની આત્મા અને શરીર સાથે સંગીતના જોડાણને શરીરની જાગૃતિ, જટિલ ગતિવિધીઓના માધ્યમથી કલાત્મક રીતે આગળ વધારે છે અને અંતે શાસ્ત્રીય સંગીતની મંત્રમુગ્ધ કરી દેતી શક્તિઓ સામે આત્મસમર્પણ કરીને પોતાની કલાત્મકતાને ચાર ચાંદ લગાડે છે. કલાની આ મનમોહક રજુઆતોને દર્શકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી.

પોતાના સમકાલીન નૃત્ય પ્રદર્શન "અભેદ્ય અભયમ" દ્વારા આર્ય સાગરે દર્શકોને સંગીતના વિવિધ રસ (પ્રકાર)ની ઓળખ કરાવી. ડાકુઓ અને ભક્તિની વાર્તા ઉપર આધારીત આ એક એવુ મંત્રમુગ્ધ કરી દેનાર નૃત્ય નાટક હતુ જે સંગીત અને નાટ્ય વૈભવ સાથે નવરસોની અભિવ્યક્તિ કરે છે. આ નૃત્ય નાટકમાં ડાકુઓના ગ્રુપના એક એવા વ્યક્તિની કહાની દર્શાવે છે જેને એક સાધ્વીથી પ્રેમ થઈ જાય છે. ફિઝિકલ થિએટર, બૈલે અને સમકાલીન નૃત્ય સાથે વોકલ સંગીતનો આ એક એવો સંગમ હતો જે પોતાની આકર્ષક પટકથા અને અભિવ્યકત કલાત્મક હિલચાલની મદદથી દર્શકોને નવરસના સાગરમાં ડુબકી મરાવે છે. સાથે જ આજે વિઝ્યુઅલ આર્ટ ઈન્સ્ટોલેશન્સે તેમના અનન્ય અને વિચારપ્રેરક દ્રષ્ટિકોણ સાથે દર્શકોનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું.

ભક્તિ જેઠવા પોતાના આર્ટવર્ક દ્વારા વ્યાક દર્શકોને સાથે વિચારો અને જ્ઞાન શેર કરવા માટે તમામ શક્તિઓને કામે લગાડી દે છે. તેમના ઈન્ટોલેશન "બ્યુટી ઓફ થોર્ન્સ" નો મુખ્ય ઉદ્દેશ્ય પ્રકૃતિની અજાયબીઓને માણવાનો અને આજના સમાજમાં આપણે પ્રકૃતિમાં કઈ રીતે પરિવર્તન લાવી રહ્યા છીએ તે દર્શાવવાનો છે. અનુભવ અને તિક્ષ્ણ નજર વાળુ તેમનું કામ પ્રકૃતિના સકારાત્મક અને નકારાત્મક એમ બન્ને પાસાઓને રજુ કરે છે. તે ચામડીની સરળતા અને કેકટસની કઠોરતા જેવા વિરોધાભાસો સાથે સહ અસ્તિત્વના વિચારને રજુ કરે છે. તે એ દર્શાવે છે કે એક બિજા માટે નુકશાનકારક હોવા છતાં, તે કઈ રીતે એકબીજા સાથે રહે છે.

## માણાવદર ફકીર સમાજના હોદ્દેદારોની વરણી : સર્વત્ર આવકાર

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૫



માણાવદરનાં રઘુવીર પરા સ્થિત હુશેની ચોકમાં માણાવદર ફકીર સમાજની સાધારણ સભા ગત રાત્રીના ઓલ ગુજરાત મુસ્લિમ ફકીર દીવાન સમાજના જોઈન્ટ પ્રમુખ ઈરફાન શાહ સોહરવર્દીનાં અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના વર્તમાન પ્રમુખ સલીમશા રફાઈ વય મર્યાદા સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરતા આગામી પાંચ વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણુંક આપવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે ગુલાબશા સર્વદી, ઉપપ્રમુખ તરીકે ઈરફાનશા અનવરશા અને મહામંત્રી નવાઝશા રફાઈ, ખજાનચી સલીમશા સર્વદી સહિત કારોબારી સમિતિની રચના કરી બિનહરીફ વરણી કરવામાં આવતા નવા હોદ્દેદારોને ફૂલહાર કરી સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા.

અધ્યક્ષસ્થાને ઉપસ્થિત ઓલ ગુજરાત મુસ્લિમ ફકીર દીવાન સમાજના જોઈન્ટ પ્રમુખ ઈરફાન શાહે સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજોને તીલાંજલિ આપી શિક્ષણ અને ઈલ્મે દિન ઉપર ભાર આપી સંગઠિત થઈને રહેવા શિખ આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ખિદમત કમિટીનાં યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ કોર્પોરેશનના નિવૃત અધિકારી છેતરપિંડીનો ભોગ બન્યા : ફાસ્ટેગ રિચાર્જ રિફન્ડનાં બહાને રૂા.૯૯,૯૯૩ની ઓનલાઈન નાણાંકીય છેતરપિંડીની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ કોર્પોરેશનના નિવૃત્ત અધિકારી સાથે ફાસ્ટેગ રિચાર્જ રિફન્ડનાં બહાને અજાણ્યા શખ્સે રૂપિયા ૯૯૯૯૩ની ઓનલાઈન નાણાકીય છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. શહેરમાં મોતીબાગ પાસે આવેલ પંચશીલ સોસાયટીમાં રહેતા કોર્પોરેશનના નિવૃત્તઅધિકારી અતુલકુમાર હરિલાલ મકવાણા(ઉ.વ.૫૯) પોતાની કારમાં આઈડીએફસી ફર્સ્ટ બેંકનું ફાસ્ટેગ ઉપયોગ કરતા હોય જેને રિચાર્જ માટે તેઓએ ૨૮ જૂનના રોજ ત્રણ અલગ અલગ ટ્રાન્ઝેકશન મારફતે રૂપિયા ૫૦૦નું રિચાર્જ ફોનપેમાંથી કર્યું હતું. પરંતુ બેંક ખાતાની પાસબુકમાં એન્ટ્રી પડાવી તપાસ કરતા ફાસ્ટેગ અગાઉ રિચાર્જ કરાવેલું હતું પરંતુ ફાસ્ટ ટેગમાં રિચાર્જ થયું હતું નહી અને રોકડ બેંક ખાતામાંથી ડેબિટ થઈ ગઈ હતી. જેથી તેમણે બેંકના કસ્ટમર કેરના નંબર સંપર્ક કરતા સામેવાળા પુરૂષે હિન્દીમાં વાત કરતા તેમને ફાસ્ટટેગ રિચાર્જ થયું ન હોવાની રજુઆત કરી હતી. જેથી આ ઈસમે ફોનપેમાંથી રિચાર્જ કરેલ હોય આથી ફોન પે કસ્ટમર કેરનો સંપર્ક કરવા જણાવ્યું હતું. બાદમાં અજાણી સ્ત્રીએ અન્ય ઈસમ સાથે વાત કરાવતા આ શખ્સે અતુલભાઈને તેમના ખાતામાંથી ડેબિટ થયેલ રૂા.૫૦૦ રિફંડ કરી આપવાની લાલચ આપીને એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું કહ્યું હતું. આ પ્રમાણે કરવામાં આવતા આ સમયે એપ્લિકેશનના એકિસસ કોડ મેળવી ફોન પે એપ્લિકેશનમાં પ્રોસેસ કરાવીને અતુલભાઈના એસબીઆઈ બેંક ખાતામાંથી રૂપિયા ૯૯,૯૯૩ પોતાના કેનેરા બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી ઓનલાઈન નાણાંકીય છેતરપિંડી કરી હતી. આ અંગે કોર્પોરેશનના નિવૃત અધિકારી અતુલ મકવાણાએ ફરિયાદ કરતા જૂનાગઢ સાયબર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના સ્વાતંત્ર સેનાની લાભશંકરભાઈ દવેનું નિધન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ મુક્તિ સંગ્રામનાં સેનાની અને ૯ નવેમ્બર ૧૯૪૭ ના દિવસે સવારે ૯ વાગ્યે જૂનાગઢના ઉપરકોટ પર ત્રિરંગો ફરકાવનાર આરઝી હકૂમતની ટુકડીના સભ્ય લાભશંકર દેવશંકર દવેનું ગઈકાલ તા. ૩ ડિસે.ના રોજ ૯૪ વર્ષની જૈફવયે નિધન થયું છે. તેઓ મૂળ બિલખાના વતની હતા. જૂનાગઢને મુક્ત કરાવવા રચાયેલી આરઝી હકૂમતના તેઓ સેનાની હતા. એ પહેલાં વર્ષ ૧૯૪૨ માં ગાંધીજીની આગેવાનીમાં શરૂ થયેલી હિંદ છોડો ચળવળમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. આથી એ વખતે નવાબની પોલીસે તેમને પકડીને ૭ મહિના મેંદરડાની જેલમાં પૂર્યા હતા. લાભશંકરભાઈ જૂની એસએસસી ભણેલા હતા અને દેશ આઝાદ થયા બાદ ૧૯૫૦-૫૨ના અરસામાં કલેકટર કચેરીમાં નોકરીમાં જોડાયા હતા. ત્યારબાદ લોકલ ફંડ એકાઉન્ટ, સમાજ કલ્યાણ અને છેલ્લે જીલ્લા તિજોરી કચેરીમાં ફરજ બજાવી સિનીયર કલાર્ક તરીકે નિવૃત થયા હતા. તેમના પરિવારમાં ૩ પુત્રો વિજયભાઈ, સ્વ. ભરતભાઈ, કૃષ્ણકુમાર (કાળુભાઈ), ૩ પૌત્રી અને ૧ પૌત્ર છે. ગાંધીયુગ અને જુની પેઢીના પ્રતિનિધિ એવા સ્વાતંત્ર સેનાની લાભશંકરભાઈ દવેને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા છે. આ તકે સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા પણ લાભશંકરભાઈ દવેને હૃદયપુર્વક શ્રધ્ધાસુમન અર્પણ કરે છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે કાલ ભૈરવ જયંતિની ભાવભેર ઉજવણી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે કાલ ભૈરવ જયંતિની ભકિતભાવ ભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે મંગળવારે કાલભૈરવ જયંતિના દિવસે મુશીબતમાંથી છુટકારો મેળવવા તથા રક્ષા મેળવવા માટે કાલભૈરવ દાદાની પૂજા ઉત્તમ ફળદાયક છે.

આજે કાલભૈરવ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. જૂનાગઢ શહેરમાં કોલેજ રોડ ઉપર આવેલ ભૂતનાથ ફાટક પાસે આવેલા કાલ ભૈરવ દાદાના મંદિરે આજે સવારથી જ પૂજન-અર્ચન સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ભાવિકો કાલ ભૈરવ દાદાના દર્શને આવી રહ્યા છે અને કાલભૈરવ દાદાને પ્રસાદ ધરાવવામાં આવી રહેલ છે.

# જૂનાગઢના યમુનાનગરમાં તસ્કરોનો હાથફેરો : બંધ મકાનમાંથી રૂા.૬૮,૫૦૦ના મુદ્દામાલનો હાથફેરો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢના યમુનાનગરમાં બંધ મકાનમાંથી તસ્કરો રૂપિયા ૬૮,૫૦૦ના મુદ્દામાલનો હાથફેરો કરી ગયા હોવાની ફરિયાદ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે. જુનાગઢ શહેરમાં શાંતેશ્વર રોડ વિસ્તારમાં શનિવારની રાત્રે એક મકાનમાંથી રૂપિયા ૩૫,૫૦૦ની માલમતાની ચોરી થઈ હતી. આ જ વિસ્તારમાં તસ્કરોએ અન્ય ૬ મકાનમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. જેના તસ્કરો હજુ પકડાયા નથી. ત્યાં શહેરમાં તાલુકા પોલીસ સ્ટેશન હેઠળની કેમરી સોસાયટી નજીકના યમુનાનગરમાં રહેતા અને અમાનભાઈ અબ્દુલભાઈ કસીરીના બંધ મકાનના દરવાજાના નકુચા તોડીને તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને મકાનના હોલની દિવાલ ઉપરથી રૂા.૧૧,૦૦૦ની કિંમતનું એલઈડી ટીવી તેમજ કબાટમાંથી રૂપિયા ૫૪,૫૦૦ની રોકડ રકમ તેમજ ચાંદીના સાંકડા અને કાંડા ઘડીયાળ વગેરે મળી કુલ રૂા.૬૮,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરીને નાસી ગયા હતા. આ અંગે સોમવારે ફરિયાદ કરવામાં આવતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પ્રભાસ-પાટણ ખાતે આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી ડોકટરની નિમણુંક કરવા માંગણી

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૫






પ્રભાસ-પાટણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં હાલ ત્રણ ડોકટર બોન્ડેડ છે. જે ડોક્ટર પણ ત્રણ માસની રજા ઉપર છે તેની જગ્યાએ હાલ પ્રભાસ પાટણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ડેપ્યુટેશન ડોક્ટરથી ચાલે છે. જેમાં તારીખ ૪-૧૨-૨૦૨૩ના રોજ સવારના સમયે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પ્રભાસ-પાટણ ભગવાન ભરોસે જોવા મળેલ છે. ડેપ્યુટેશનમાં આવતા ડોક્ટર પણ હાજર ન હતા. જ્યારથી ડોક્ટર કંણસાગરાની પ્રમોશન સાથેને બદલી થયેલ છે. ત્યારથી પ્રભાસ પાટણ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કોઈ ડોકટર કાયમી નથી. કાયમી ડોક્ટર માટે લેખિત રજૂઆત પ્રભાસ-પાટણના એડવોકેટ કમલેશ એચ. બામણીયા દ્વારા તારીખ ૪-૯-૨૦૨૩ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તથા આરોગ્ય મંત્રી તથા ગીર-સોમનાથ, જૂનાગઢના સાંસદ તથા સોમનાથના ધારાસભ્ય વગેરે જેવા સક્ષમ હોદ્દેદારોને રજૂઆત કરેલ છે. તેમ છતાં પણ પ્રભાસ પાટણ કેન્દ્રમાં હાલ કોઈ કાયમી ડોક્ટર નથી અને તેને જ લીધે સામુહિક આરોગ્ય કેન્દ્ર પ્રભાસ પાટણ ભગવાન ભરોસે રહે છે. જો સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી ડોક્ટરની નિમણૂક કરવામાં નહીં આવે તો પ્રભાસ પાટણ તથા આજુબાજુના ગામના લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડશે અને જીવ પણ ગુમાવવા પડશે તેવી પરિસ્થિતિ ઊભી થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

# આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશાન દ્વારા વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી









જૂનાગઢ તા.૫

આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનમાં સારવાર અને તાલીમ લેતા માનસિક દિવ્યાંગો માટે ૩ ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. દિવ્યાંગોને રગતીયા બાપાની જગ્યા વંથલીમાં પીકનીક માટે લઈ જવામાં આવેલ. આ પીકનીકમાં બધાએ ભેગા મળીને કાઠીયાવાડી મેનું રોટલો ઓળો, વગેરે જાતે બનાવેલ. દિવ્યાંગોને આંબાના ઝાડોની વચ્ચે ચુલામાં રસોઈ કરવાનો આનંદ અપાવેલ તો સાથે સાથે ક્રિકેટ બોલ પાસીંગ, વોલીબોલ, અંતાક્ષરી જેવી રમતો પણ રમાડવામાં આવેલ. સવારથી સાંજની પીકનીકમાં પ્રકૃતીની ગોદમાં દિવ્યાંગોએ ખુબ જ આનંદ પ્રમોદ કરેલ. આ પીકનીકને સફળ બનાવવા આશાદીપના સ્ટાફ જહેમત ઉઠાવેલ હતી.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ભેંસાણના સુખપુર ગામે સત્કાર કરાયો



જૂનાગઢ, તા.૫

ભેંસાણના સુખપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ગ્રામજનોએ સત્કાર કર્યો હતો. પાત્રતા ધરાવતા તમામ લોકો સુધી કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓના લાભ પહોંચાડવાના આશય સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના શરૂ કરવામાં આવી છે.

ભેંસાણ તાલુકાના સુખપુર ગામે પણ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન ભારત કાર્ડ સહિતના યોજનાકિયા લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રામજનોને કિસાન ક્રેડિટ કાર્ડ સહિતની યોજનાઓની જાણકારી પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામજનોએ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો હતો. સાથે જ પશુ આરોગ્ય કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. ઉપરાંત વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વધાવી ગામે સરકારની યોજનાઓથી માહિતગાર અને લાભાર્થીઓને સન્માનિત કરાયા





જૂનાગઢ, તા.૫

જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકાઓના ગામડાઓમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ નું પરિભ્રમણ થઈ રહ્યું છે. સંકલ્પ યાત્રા રથના માધ્યમથી લોકોને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ અને માહિતી ઘર આંગણે જ મળી રહ્યા છે.

જૂનાગઢ તાલુકાના વધાવી ગામે પ્રાથમિક શાળામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે કાર્યક્રમ યોજાયો હતો.

લાભાર્થીઓને આયુષમાન કાર્ડ વિતરણ, નાગરિકોના આરોગ્યની તપાસણી, ગ્રામજનોને વિવિધ યોજનાઓની માહિતી જે તે વિભાગના અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી.

ઉપરાંત મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલ વિવિધ સહાય અંગે પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સૌ સંકલ્પબદ્ધ થયાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લાના ગામડાઓમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.આ કાર્યક્રમમાં વધાવી ગામના સરપંચ જયશ્રીબેન ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી ઠાકોર, મજેવડી મેડીકલ ઓફીસર, સીડીપીઓ, આગેવાનોઅને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેકટ્રોનિકસ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**

**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ**



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


Vibrant GUJARAT 2024
10-12 Jan
Gateway to the Future
VIBRANT GUJARAT
ગુજરાત સરકાર
Gujarat Tourism
"હું ખરેખર રોમાંચિત છું કે કચ્છનું ધોરડો ગામ, તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ થઇ રહ્યું છે. આ સન્માન ભારતીય પ્રવાસનની ક્ષમતાનું જ નહિ, પરંતુ કચ્છના લોકોના સમર્પણને પણ પ્રદર્શિત કરે છે.
ધોરડો હંમેશા ઝગમગતું રહે અને વિશ્વભરના મુલાકાતીઓને આકર્ષે!"
- શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન, ભારત
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય
ધોરડો:
UNWTO દ્વારા જાહેર
'શ્રેષ્ઠ પર્યટન ગામ ૨૦૨૩'
માણો,
સફેદ રણનું
અદ્‌ભુત સૌંદર્ય
અજવાળી રાત્રે
- વૈભવી ટેંટ અથવા સ્થાનિક કચ્છી ભૂંગામાં રહેવાનો આનંદ
- કચ્છી હસ્તકલાનું પ્રદર્શન સહ વેચાણ
- મનોરંજક સાંસ્કૃતિક પ્રદર્શનો
- રોમાંચ-પ્રેમી પ્રવાસીઓ માટે સાહસિક પ્રવૃત્તિઓ
#AmazingDhordo
રણ ઉત્સવ
ધોરડો-કચ્છ, ગુજરાત
ડિસેમ્બર ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૪
વધુ જાણકારી માટે સ્કેન કરો
વધુ માહિતી માટે, ટોલ-ફ્રી નંબર પર કોલ કરો ૧૮૦૦ ૨૦૩ ૧૧૧૧ અથવા મુલાકાત લો www.gujarattourism.com